RNI No:- GUJGUJ/2011/39896

ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું નિર્ભય અને ધ્યેયલક્ષી દૈનિક

દૈનિક

# અખંડ ભારત

AKHAND BHARAT

ન્યાયક્ષેત્ર ગાંધીનગર રહેશે

તંત્રી : તેતરવાલ રૂપસિંહ હેમારામ ● વર્ષ: ૧૪ ● અંક: ૧૫૯● તારીખ: ૧૮-૦૯-૨૦૨૫, ગુરુવાર● પાનાં : ૦૮ ● દર :૧.૫૦ રૂપિયા ● વાર્ષિક લાવાજમ રૂ.-૫૦૦

ADD. I-406, Amardeep residency, NR. Pushkar bungalow, Nana chiloda, Ahmedabad/ Gandhinagar - 382330, Email : roopsinghtetarawal@gmail.com, WEB: https://akhandbharatdainik.com

## કર્ણાટક : SBIમાં હથિયારધારી લૂંટારાઓ ત્રાટક્યા, ૫૮ કિલો સોનું અને ૮ કરોડ રોકડની લૂંટ




કર્ણાટકના વિજયપુરા જિલ્લાના ચદચન કસ્બામાં આવેલી SBI બેંકમાં મંગળવારે (૧૬ સપ્ટેમ્બર) ધોળા દિવસે હથિયારબંધ લૂંટારૂઓએ મોટી લૂંટ કરી છે. પ્રાથમિક અહેવાલ મુજબ લૂંટારાઓ ૫૮ કિલો સોનું અને આઠ કરોડ રૂપિયા રોકડની લૂંટ કરીને ફરાર થઈ ગયા છે. પોલીસના જણાવ્યા મુજબ, ત્રણ લૂંટારૂઓએ બેંક કર્મચારીઓ અને ગ્રાહકોને બંધક બનાવીને આ ઘટનાને અંજામ આપ્યો છે.શાખા પ્રબંધક તારકેશ્વરની ફરિયાદ મુજબ, ત્રણ લૂંટારૂઓ બેંકમાં કરન્ટ ખાતું ખોલવાના બહાને પ્રવેશ્યા હતા. તેમની પાસે બંદૂક અને ચાકૂ હતા, જેનાથી તેઓએ બેંક કર્મચારીઓ અને ગ્રાહકોને ધમકાવ્યા હતા. તેઓએ કર્મચારીઓ અને ગ્રાહકોને પ્લાસ્ટિક ટેગથી બાંધી દીધા હતા અને લોકર ખોલવા માટે મજબૂર કર્યા હતા.

લૂંટારૂઓ ૪૨૫ સોનાના પેકેટોમાંથી લગભગ ૨૦ કિલોગ્રામના ૩૯૮ પેકેટ ચોરી ગયા છે. આ ઉપરાંત, તેઓએ ૧.૦૪ કરોડ રૂપિયાની રોકડ પણ લૂંટી કરી છે. પોલીસે કહ્યું કે, લૂંટારૂઓ એક વાહનમાં ભાગી ગયા છે.

તેઓ મહારાષ્ટ્રના પંઢરપુર તરફ જઈ રહ્યા હતા. બીજીતરફ લૂંટારાઓના વાહનનો સોલાપુર જિલ્લાના હુલજંતી ગામ પાસે અકસ્માત થયો હતો, જોકે તેપછી લૂંટારાઓ લૂંટેલો સામાન લઈને ફરાર થઈ ગયા છે.આ ઘટના વિજયપુરા જિલ્લામાં થોડા મહિનામાં બીજી મોટી લૂંટ છે.

આ પહેલાં, ૨૩થી ૨૫ મે વચ્ચે, મંગુલી ગામમાં કેનેરા બેંકની શાખામાંથી ૫૩.૨૬ કરોડ રૂપિયાની લૂંટ થઈ હતી. તે લૂંટનો મુખ્ય સૂત્રધાર બેંકનો પૂર્વ શાખા પ્રબંધક વિજયકુમાર મિરિયાલ હતો, જેણે હોલીવુડ અને બોલીવુડની ફિલ્મોમાંથી પ્રેરણા લીધી હતી.જિલ્લામાં વધતી લૂંટની ઘટનાઓએ સ્થાનિક લોકોમાં ભય પેદા કર્યો છે.

પોલીસ અધિક્ષક લક્ષ્મણ નિંબર્ગીએ ખાતરી આપી છે કે, કર્ણાટક અને મહારાષ્ટ્રની પોલીસે યુદ્ધના ધોરણે તપાસ કામગીરી આરંભી દીધી છે અને ગુનેગારોને જલ્દી જ પકડી પાડવામાં આવશે. આ ઘટના બાદ બેંક મેનેજમેન્ટે પણ સુરક્ષા વ્યવસ્થા વધુ સઘન કરવાનું આશ્વાસન આપ્યું છે.

## ભારત અમેરિકા પાસેથી ખરીદશે 6 'P-8 એરક્રાફ્ટ'



ભારતીય નૌકાદળની શક્તિ વધારવા માટે એક મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. ભારતીય નૌકાદળને વધુ 6 P-8 મેરિટાઈમ પેટ્રોલ એરક્રાફ્ટ આપવાની તૈયારીઓ શરૂ કરી લેવાઈ છે. આ માટે અમેરિકી સંરક્ષણ વિભાગનું એક ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ દિલ્હી પહોંચી ગયું છે અને આ ડીલને અંતિમ સ્વરૂપ આપવા બેઠકનો દોર શરૂ કરી દીધો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર આ ડીલ ચાર બિલિયન ડૉલર (અંદાજે ૩૩,૩૨૦ કરોડ રૂપિયા)ની છે, જેના પર ત્રણથી ચાર દિવસમાં સંરક્ષણ મંત્રાલયમાં બેઠકોનો દોર ચાલશે. આ ડીલથી ભારતીય નૌકાદળની સર્વેલન્સ ક્ષમતામાં અનેકગણો વધારો થશે.૧૬થી ૧૯ સપ્ટેમ્બર દરમિયાન યોજાનારી આ બેઠકોમાં અમેરિકાના સંરક્ષણ વિભાગ અને બોઈંગ કંપનીના પ્રતિનિધિઓ સામેલ છે. અમેરિકી પ્રતિનિધિમંડળમાં નેવી ઈન્ટરનેશનલ પ્રોગ્રામ્સ ઓફિસ (NIPO) અને ડિફેન્સ સિક્યુરિટી કોઓપરેશન એજન્સી (DSCA)ના અધિકારીઓનો સમાવેશ થાય છે. આ સંસ્થાઓ વૈશ્વિક સંરક્ષણ ભાગીદારી અને સૈન્ય હથિયારોના વેચાણનું સંચાલન કરે છે. આ ડીલથી બંને દેશો વચ્ચે વ્યૂહાત્મક સંબંધો વધુ મજબૂત બનશે.

## પરાળી સળગાવવા મુદ્દે સુપ્રીમ કોર્ટ ભડકી, અમુકને જેલમાં નાંખો તો બધા સીધા થઈ જશે



સુપ્રીમ કોર્ટે દિલ્હી-એનસીઆરમાં પરાળી સળગાવવા બદલ આકરૂં વલણ દર્શાવતાં સૂચન કર્યું છે કે, વારંવાર નિયમોનો ભંગ કરતાં ખેડૂતોને જેલમાં મોકલવા જોઈએ, પરાળી સળગાવતાં અમુક લોકોને જેલભેગા કરશો તો તે બીજા માટે ઉદાહરણરૂપ બનશે. દિલ્હી-એનસીઆરમાં દરવર્ષે ઓક્ટોબરમાં થતાં વાયુ પ્રદૂષણ સંબંધિત અરજીઓ પર સુનાવણી કરતાં સીજેઆઈ જસ્ટિસ બીઆર ગવઈએ ૧૭ સપ્ટેમ્બરના રોજ આ ટિપ્પણી કરી હતી. આ દરમિયાન સુપ્રીમ કોર્ટે વાયુ ગુણવત્તા વ્યવસ્થાપન પંચને વાયુ પ્રદૂષણ અટકાવવાના ઉપાયો દર્શાવતો રિપોર્ટ રજૂ કરવા ત્રણ સપ્તાહનો સમય આપ્યો છે. આ ઉપરાંત વાયુ ગુણવત્તા વ્યવસ્થાપન પંચ અને રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને વાયુ પ્રદૂષણ અટકાવવા માટે વિચાર-વિમર્શ કરી યોજનાઓ ઘડવા સૂચન કર્યું છે. ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયાએ આ મામલે સવાલ પૂછ્યો હતો કે, અધિકારી આ મુદ્દો ઉકેલવા માટે દંડનીય જોગવાઈઓ પર વિચારણા કેમ કરી રહ્યા નથી. જો અમુક લોકોને જેલભેગા કરવામાં આવે તો તેનાથી સાચો સંદેશ મળશે. તમે ખેડૂતો માટે દંડનીય જોગવાઈના અમલ વિશે કેમ વિચારી રહ્યા નથી. પર્યાવરણની રક્ષા કરવા માગતા હોવ તો તમે પીછેહટ કેમ કરી રહ્યા છો? ખેડૂત અમારા માટે ખાસ છે. આપણે તેમના લીધે જ ભોજન આરોગી રહ્યા છે. પરંતુ તેનો અર્થ એ નથી કે, આપણે પર્યાવરણની રક્ષા કરવી જોઈએ નહી. શું આ સળગાવવામાં આવતી પરાળીનો ઉપયોગ ઈંધણ બનાવવા માટે થઈ શકે? ઉલ્લેખનીય છે, પંજાબ અને હરિયાણામાં ઓક્ટોબર અને નવેમ્બરમાં પરાળી સળગાવવામાં આવતી હોવાથી તે સમયે દિલ્હીની હવા ઝેરી બને છે. તે સમયે દિલ્હીમાં વાયુ પ્રદૂષણનું સ્તર જોખમી સ્તરે પહોંચે છે. ખેડૂતોને ખેતરમાંથી પરાળી દૂર કરવા માટે તેને સળગાવી દે છે. પરાળીને ખેતરમાંથી દૂર કરવા માટે ખેતરોમાં વિશેષ મશીનોનો ઉપયોગ કરી શકાય છે. પરંતુ ખેડૂતોનો તર્ક છે કે, આ વિકલ્પ અત્યંત મોંઘો છે. આથી તેઓ પરાળીને આગ ચાંપી દે છે. દરવર્ષે પરાળીના લીધે હવામાં ચારેબાજુ ધુમાડાની સ્થિતિ સર્જાય છે.

## ઉમેદવારોની રંગીન તસવીર અને મોટા અક્ષરમાં સિરિયલ નંબર




બિહારમાં આગામી થોડા અઠવાડિયામાં વિધાનસભા ચૂંટણી માટે મતદાન થવાનું છે. ચૂંટણી પંચે હજુ તારીખોની જાહેરાત કરી નથી, પરંતુ મતદાનની તારીખોની જાહેરાત પહેલાં જ એક નવી ગાઈડલાઈન જાહેર કરી છે. ચૂંટણી પંચે બિહારથી એક નવા પ્રયોગની શરૂઆત કરી છે, જેના હેઠળ ઈફસ્ના બેલેટ પેપરમાં હવે ઉમેદવારોના રંગીન ફોટા હશે. આ પહેલા ફોટા માત્ર બ્લેક એન્ડ વ્હાઈટ હતા.ચૂંટણી પંચના આ નિર્ણયથી મતદારો માટે ઉમેદવારને ઓળખવાનું સરળ બનશે. ચૂંટણી પંચ છેલ્લા છ મહિનાથી ચૂંટણી પ્રક્રિયાને સુવ્યવસ્થિત કરવા માટે કામગીરી કરી રહી છેચ આ માટે ૨૮ પહેલ કરવામાં આવી છે, તેમાંથી આ એક પહેલ છે.નવા નિયમ હેઠળ, ઉમેદવારનો ફોટો રંગીન છાપવામાં આવશે અને તે ફોટા માટે નિર્ધારિત જગ્યાના ત્રણ-ચતુર્થાંશ ભાગમાં લગાવેલો હશે. આનાથી ફોટો વધુ સ્પષ્ટ દેખાશે અને ઓળખી પણ શકાશે.

## પરમાણુ હુમલાની ધમકીથી ડરતા નથી -મોદી

૭૫માં જન્મદિવસ નિમિત્તે વડાપ્રધાન નરેન્દ્ર મોદી મધ્ય પ્રદેશના ધારમાં 'સ્વસ્થ નારી સશક્ત પરિવાર' અને 'આઠમા રાષ્ટ્રીય પોષણ માહ' અભિયાનનો પ્રારંભ કરવા માટે પહોંચ્યા હતા. આ દરમિયાન યોજવામાં આવેલી જનસભામાં પીએમ મોદીએ ઓપરેશન સિંદૂર વિશે વાત કરતા કહ્યું કે, 'નવું ભારત



કોઈની પરમાણુ ધમકીઓથી ડરતું નથી. ઘરમાં ઘૂસીને મારે છે. જે આતંકવાદીઓએ માતા અને બહેનાના સિંદૂર ઉજાળ્યા છે તેમના ઠેકાણાઓને અમે નષ્ટ કર્યા છે.

## ઉત્તરાખંડમાં ભારે વરસાદથી તબાહી, ૧૭ લોકોના મોત










ઉત્તરાખંડમાં ભારે વરસાદ અને વાદળ ફાટવાથી ભયંકર તબાહી મચી છે. રાજધાની દેહરાદૂન સહિત રાજ્યના વિવિધ વિસ્તારોમાં સોમવાર રાતથી બુધવાર સુધી પડેલા ભારે વરસાદથી નદીઓ અને નાળાં છલકાયા છે,

જેના કારણે ઘણા ઘરો, રસ્તાઓ અને પુલ પાણીમાં ગરકાવ થઈ ગયા છે.આ કુદરતી આફતમાં અત્યાર સુધીમાં ૧૭ લોકોના મોત થયા છે અને ૧૬ લોકો હજુ પણ લાપતા છે.

રાજ્ય ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (USDMA) અનુસાર સૌથી વધુ નુકસાન દેહરાદૂન જિલ્લામાં થયું છે, જ્યાં ૧૩ લોકોએ જીવ ગુમાવ્યા છે. આ ઉપરાંત નૈનીતાલ અને પિથૌરાગઢમાં પણ એક-એકનું મોત થયું હોવાનો અહેવાલ સામે આવ્યો છે.અહીંના વિકાસનગર વિસ્તારમાં ટૉન્સ નદીના વધેલા જળસ્તરને કારણે એક ટ્રેક્ટર-ટ્રોલી પાણીમાં પલટી જતાં ઉત્તર પ્રદેશના મુરાદાબાદના છ લોકોના મોત થયા છે

અને ચાર લોકો હજુ પણ લાપતા છે. અધિકારીઓએ કહ્યું કે, મૃતકોના પીડિત પરિવારને ઉત્તર પ્રદેશ સરકાર વળતર આપશે. આ ઉપરાંત ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે મૃતકોના પરિવારજનોને બે-બે લાખ રૂપિયાની મદદ કરવાની અને મૃતદેહોના સન્માનજનક ગામ સુધી પહોંચાડવાની જાહેરાત કરી છે. મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી છે અને રાહત-બચાવ કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે.

બચાવ ટીમોએ અત્યાર સુધીમાં ૯૦૦થી વધુ લોકોને સુરક્ષિત રીતે બચાવ્યા છે.

દેહરાદૂન, ટિહરી અને નૈનીતાલ જિલ્લાઓમાં ફસાયેલા લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે. ભારે વરસાદના કારણે ૨૫-૩૦ સ્થળોએ રસ્તાઓ તૂટી ગયા છે, જેના કારણે વાહનવ્યવહારને ભારે અસર થઈ છે. દેહરાદૂન સહિત આસપાસના જિલ્લાઓમાં તમામ શાળાઓ બંધ રાખવાની જાહેરાત કરવામાં આવી છે.

વહીવટીતંત્ર દ્વારા લોકોને સુરક્ષિત સ્થળોએ રહેવા અને બિનજરૂરી મુસાફરી ટાળવા અપીલ કરવામાં આવી છે.હવામાન વિભાગે ૨૧ સપ્ટેમ્બર સુધી યલો એલર્ટ જાહેર કર્યું છે.

આગામી ત્રણ દિવસ એટલે કે ગુરુવાર (૧૮ સપ્ટેમ્બર)થી શનિવાર (૨૦ સપ્ટેમ્બર) સુધી પણ હવામાનનું મિજાજ બદલાતું રહેશે. ગુરુવારે ગાજવીજ સાથે વરસાદની શક્યતા ૬૯ ટકા છે. શુક્રવારે (૧૯ સપ્ટેમ્બર) બપોર બાદ ગાજવીજ સાથે વરસાદ થવાની શક્યતા ૫૧ ટકા છે.

શનિવારે (૨૦ સપ્ટેમ્બર) વાદળછાયું વાતાવરણ રહેશે અને વરસાદની શક્યતા ઘટીને ૨૪ ટકા થવાની સંભાવના છે.

## તંત્રી લેખ......

# દવાઓના નવા ભાવની દૂકાનદારે ગ્રાહકોને જાણ કરવાની રહેશે

૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૫ પહેલા બજારમાં મૂકી દેવાયેલી દવાઓને ઔષધ ઉત્પાદકોએ બજારમાંથી પાછી ખેંચવાની નહી રહે પરંતુ ગુડસ એન્ડ સર્વિસીઝ ટેક્સ (જીએસટી)ના નવા માળખાના અમલ બાદ રિટેલર સ્તરે સુધારિત ભાવ દર્શાવાય તેની કંપનીઓ ખાતરી રાખે એમ નેશનલ ફાર્માસ્યૂટિકલ પ્રાઈસિંગ ઓથોરિટી દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે. નેશનલ ફાર્માસ્યૂટિકલ પ્રાઈસિંગ ઓથોરિટી દ્વારા જારી કરાયેલા મેમોરેન્ડમ પ્રમાણે, દવા/ફોર્મ્યુલેશનનું વેચાણ કરતા દરેક ઉત્પાદકો/માર્કેટિંગ કંપનીઓએ દવા/ફોર્મ્યુલેશન (તબીબી સાધનો) સહિતની મેક્સિમમ રિટેલ પ્રાઈસ (એમઆરપી) સુધારવાની રહેશે.ઉત્પાદકો/માર્કેટિંગ કંપનીઓએ ગ્રાહકોને દર્શાવવા માટે સુધારિત પ્રાઈસ લિસ્ટ અથવા પુરક પ્રાઈસ લિસ્ટ ડીલરો અને રિટેલરોને જારી કરવાના રહેશે. આ ઉપરાંત રાજ્યો ડ્રગ કન્ટોલરો તથા સરકારને પણ આ ભાવની તથા જીએસટીની સુધારિત યાદી પૂરી પાડવાની રહેશે. રિટેલર સ્તરે ભાવના ધોરણનું પાલન કરવાની ઉત્પાદકો/માર્કેટિંગ કંપનીઓ ખાતરી રાખશે તો ૨૨ સપ્ટેમ્બર પહેલા છૂટા કરાયેલા સ્ટોકને રિ-લેબલિંગ અથવા રિ-સ્ટિકીંગ માટે પરત બોલાવવાની આવશ્યકતા રહેશે નહી. સરકારની આ સ્પષ્ટતાને કારણે ફાર્મા ઉદ્યોગને મોટી રાહત થઈ છે. અન્યથા બજારમાંથી દવાના પાછી ખેંચી તેના પર રિ-લેબલિંગ પાછળ વ્યાપક ખર્ચ લાગી જવાની ચિંતા રહેલી હતી. આ નિર્ણયને કારણે બજારમાં દવાઓની બિનજરૂરી અછત પણ ઊભી નહી થાય. સુધારિત ભાવ યાદી દર્શાવવાની જવાબદારી હવે રિટેલરોની રહેશે. દરેક પ્રોડકટસ પર નવી એમઆરપી જોવા મળતા બે-અઢી મહિના લાગી શકે એમ છે એમ એક વેરા નિષ્ણાતે જણાવ્યું હતું.

# ધરમપુર સરકારી હોસ્પિટલમાં ફરજ બજવતા ડ્રાઈવરોને જ ફરી ફરજ પર લેવા બાબત એ કરવામાં આવી રજુઆત



પટેલ સંજય કુમાર - સુપ્રીનટેન્ડન્ટ સ્ટેટ હોસ્પિટલ ધરમપુર અને ધરમપુર પ્રાંત આધિકારીશ્રીને ધરમપુર સ્ટેટ હોસ્પિટલમાં ફરજ બજવતાં RTPCR LAB ના સ્ટાફ અને એમ્બ્યુલન્સ પર ફરજ બજવતા ડ્રાઈવરોને ફરી ફરજ પર લેવા બાબત એ રાજુઆત કરવામાં આવી.ધરમપુર સ્ટેટ હોસ્પિટલમાં કોરોના મહામારી દરમિયાન તારીખ ૧૪ જાન્યુઆરી ૨૦૨૨ ના રોજ આર.ટી.પી.સી.આર. વિભાગમાં ૧૦ જેટલા સ્ટાફની નિમણૂક કરવામાં આવી હતી.આ સ્ટાફે કોરોના જેવી વૈશ્વિક મહામારી દરમ્યાન પોતાના જીવનના જોખમે ફરજ બજાવી લોકોના આરોગ્યની સુરક્ષા માટે મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું તેમ છતાં તા ૧૯ઓગસ્ટ ૨૦૨૫ ના રોજ અચાનક મૌખિક રીતે એમને સેવા પરથી છૂટા કરવામાં આવ્યા છે,અને એમ્બ્યુલન્સ પર ડ્રાંઈવર તરીકે ફરજ બજવતાં ડ્રાંઈવરો કે જેઓ ૧૭ વર્ષ થી ડ્રાંઈવર તરીકે ફરજ બજવતા હતા એમણે પણ મોખિક રીતે છુટા કરી દેવામાં આવ્યા છે. જે માનનીય સાંસદ શ્રી ધવલ પટેલ દ્વારા માહિતી આપવામાં આવી હતી કે આ RTPCR સ્ટાફ ને પરત લઈ લેવામાં આવ્યા છે એમાં કેટલી સત્યતા જે બાબત ની વિગત આપવા માટે ની રાજુઆત કરવામાં આવી અને જો આ તમામ ને ફરજ પર ન લેવામાં આવે તો આગામી દિવસો માં હોસ્પિટલ ની સામે ધરણા કરવાની ની વાત કરવામાં આવી છે.અખંડ ભારત

# જાફરાબાદ ખાતે કેન્દ્રીય સંચાર બ્યુરો દ્વારા મલ્ટીમીડિયા પ્રદર્શન સાથે વિશેષ કાર્યક્રમનું આયોજન

જીજ્ઞેશ બારૈયા - ભારત સરકારનાં માહિતી અને પ્રસારણ મંત્રાલયનાં કેન્દ્રીય સંચાર બ્યુરો, જુનાગઢ દ્વારા ઈન્ટિગ્રેટેડ કમ્યુનિકેશન એન્ડ આઉટરીચ પ્રોગ્રામ હેઠળ જાફરાબાદ ખાતે પારેખ અને મહેતા હાઈસ્કુલ કેમ્પસમાં મલ્ટીમીડિયા પ્રદર્શનનું આયોજન હાથ ધરાયું છે, ૧૭ સપ્ટેમ્બર થી શરૂ થઈ રહેલા આ ત્રણ દિવસીય મલ્ટીમીડિયા પ્રદર્શનનું ઉદ્ઘાટન રાજુલા-જાફરાબાદના ધારાસભ્ય હીરાભાઈ સોલંકીના હસ્તે નગરપાલિકા તેમજ તાલુકાના પદાધિકારીઓ, અધિકારીઓ અને સામાજિક આગેવાનોની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું છે.



આ અંગે વિગતો આપતા કેન્દ્રીય સંચાર બ્યુરો,

જુનાગઢનાં અધિકારી દેવેન્દ્ર ત્રિવેદીએ જણાવ્યું કે જાફરાબાદ ખાતે પોષણ માહ - સ્વસ્થ નારી સશક્ત પરિવાર અભિયાન તેમજ ભારત સરકારનાં સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણનાં ૧૧ વર્ષ અંતર્ગત દેશના નાગરિકોનાં જીવન ધોરણમાં સુખદ બદલાવ લાવતી તેમજ રાષ્ટ્રભાવનાને ઉજાગર કરતી સિદ્ધિઓની ઝાંખી કરાવતા ત્રી દિવસીય મલ્ટીમીડિયા પ્રદર્શનનું આયોજન હાથ ધરાયું છે.

# ગાંધીનગર સેક્ટર ૩ ની પ્રાથમિક સ્કૂલમાં વૃક્ષારોપણ કરાયું

આજ રોજ માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાહેબના ૭૫ જન્મ દિન નિમીતે સેક્ટર ૩ ની પ્રાથમિક સ્કૂલમાં વૃક્ષા રોપણ કરીને જન્મ દિનની ઉજવણી કરેલ

આ પ્રસંગે ગુજરાત બ્રહમ સમાજના અધ્યક્ષ ડો અશ્વિન ત્રિવેદી ધવલભાઈ



ગઢવી કુલદીપસિંહજી અને કોર્પોરેટર શૈલાબેન ત્રિવેદી બ્રહમ અગ્રણી સુનિલભાઈ ત્રિવેદી વોર્ડ પ્રમુખ અડાલજા કિસાન મોરચાના પ્રમુખ શાળાના આચાર્ય અને શિક્ષગણ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહેલ હતા. .અખંડ ભારત

# ભાવનગર માં સેવા પખવાડિયા કાર્યક્રમ યોજાયો



વિકાસભાઈ ચોઈથાણી -આજરોજ શ્રી અટલબિહારી વાજપેયી ઓપન એર થિયેટર ખાતે દેશના યશસ્વી વડાપ્રધાન આદરણીયશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના ૭૫ માં જન્મ દિવસ નિમિત્તે સેવા પખવાડિયાના કાર્યક્રમ અંતર્ગત ભારતીય જનતા પાર્ટી ભાવનગર મહાનગર ના અધ્યક્ષ શ્રી કુણાલભાઈ કે. શાહ (કુમારભાઈ શાહ) ના વરદ હસ્તે નરેન્દ્ર મોદીજીના જીવન પર પ્રદર્શની નું ઉદ્ઘાટન કરવામાં આવ્યુ હતું.-અખંડ ભારત

# માંગરોળ માં નમો કે નામ રક્તદાન કેમ્પ નું આયોજન



વેજાભાઈ પીઠીયા - જૂનાગઢ જિલ્લાના માંગરોળ ખાતે ગુજરાત રાજ્યના તમામ કર્મચારી સંગઠનો તથા મદદગાર પરિવાર દ્વારા નમો કે નામ રક્તદાન કેમ્પ નું આયોજન કરવામાં આવેલ. તેમાં માંગરોળ શહેર અને માંગરોળ તાલુકાના તમામ સંવર્ગના કર્મચારીઓ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પમાં કર્મચારીઓ અગાઉથી જ બ્લડ આપવા માટે રજીસ્ટ્રેશન કરાવેલું. આ કેમ્પ માંગરોળ ખાતે શ્રી લોહાણા મહાજન વાડીમાં રાખવામાં આવેલ હતો. જેમાં ૯૪ રક્તદાતાઓ રક્તદાન શિક્ષણ, પોલીસ ,રેવન્યુ , આરોગ્ય, એસટી કર્મચારી પરિવાર વગેરેના કર્મચારીઓ તેમજ મદદગાર પરિવાર દ્વારા મોટા પાયે રક્તદાન કરવામાં આવેલું છે.-અખંડ ભારત

# સ્વસ્થ નારી સશક્ત પરિવાર અભિયાન અને પોષણ માસની ઉજવણી જુની સિવિલ હોસ્પિટલ રાજપીપળા ખાતે કરાઈ

જીતેન્દ્રસિંહ સોલંકી- વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના ૭૫માં જન્મ દિન નિમિત્તે આજે ૧૭ સપ્ટેમ્બરે નર્મદા જિલ્લામાં આઇ.સી.ડી.એસ અને બાળ વિકાસ વિભાગના સંયુકત ઉપક્રમે જિલ્લા કક્ષાનો કાર્યક્રમ દેડિયાપાડા તાલુકાના મોઝદા ખાતે અને નાંદોદ તાલુકાનો કાર્યક્રમ જુની સિવિલ હોસ્પિટલ રાજપીપળા ખાતે કરવામાં આવ્યો હતો. સ્વસ્થ નારી, સશક્ત પરિવાર અભિયાન અને પોષણ માહ ૨૦૨૫નું સ્વાસ્થ્ય શિબિરનું આયોજન અને મેડીકલ ચેક-અપ કેમ્પ તથા વાનગી હરીફાઈ ફ્રૂટ વિતરણ જેવા બહુ આયામી કાર્યક્રમ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મ દિવસની અનોખી રીતે ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી.

જુની સિવિલ હોસ્પિટલ ખાતે કન્યા વિનય મંદિરની લગભગ ૧૫૦ જેટલી વિદ્યાર્થીનીઓ, શહેરીજનોનો આરોગ્યલક્ષી ચકાસણી જેમાં હિમોગ્લોબીન, ડાયાબિટીસ, હાઈપર ટેંશન, એન.સી.ડી. સ્ક્રીનિંગ પી.એમ.વાય.એ.વાય. કાર્ડ અને આભા કાર્ડ એંરોલમેન્ટ જેવી સુવિધાઓ પુરી પાડવામાં આવી હતી. ડોક્ટરો અને પેરા મેડીકલ સ્ટાફ દ્વારા વિનામૂલ્યે તપાસ કરવામાં આવી હતી. પ્રધાનમંત્રીશ્રીએ દેશભરમાં સેવા પખવાડિયાનું જન સુખાકારી માટે આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્ર્મ ૨જી ઓક્ટોબર પૂજ્ય બાપુના જન્મ દિન સુધી ઝુંબેશ ચલાવવામાં આવશે. મહા મમતા દિવસ નાંદોદ તાલુકાના આંગણવાડીનાં ભૂલકાંઓની વજન-ઉંચાઈ અને ગ્રેડ આધારે ૧ થી ૩ નંબર આપવામાં આવ્યા હતાં આ કામગીરી આંગણવાડીમાં ત્રિ-માસિક હોય છે. આ ઉપરાંત બાળકોનો સર્વાંગી વિકાસ થાય એ માટે બાળ રમત સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું જેમાં ભૂલકાંઓને પ્રમાણપત્ર પુરસ્કારથી સન્માનીત કરવામાં આવ્યા હતાં. પોષણ ઉત્સવ-શ્રી અન્નમાંથી વાનગી હરિફાઈ અને બાળશક્તિ, પુર્ણાશક્તિ અને માતૃશક્તિ રાશનમાંથી વિવિધ વાનગી સ્પર્ધા પણ યોજવામાં આવી હતી જેનું નિદર્શન મહાનુભાવો દ્વારા કરીને વાનગી સ્વાદ ચાખ્યો હતો. આ કાર્યક્રમ પ્રારંભે રાજપીપલા નગરમાં એક વિશાળ જનજાગૃતિ રેલી યોજાઈ હતી જે રાજપીપલાના રાજમાર્ગો પર ફરીને સ્વચ્છતા અંગેનો જાગૃતિ સંદેશો પ્રસરાવી લોકોને જાગૃત કર્યા હતાં.આ કાર્યક્રમમાં નાંદોદ તાલુકા પ્રમુખશ્રી વનિતાબેન વસાવા, નગરપાલીકા પ્રમુખશ્રી ધર્મિષ્ઠાબેન પટેલ, નાયબ માહિતી નિયામકશ્રી અરવિંદભાઈ બી. મછાર, પદાધિકારીઓ તેમજ સી.ડી.પી.ઓ. નાંદોદ ડો.મૌસમ પટેલ અને ડોક્ટરો આરોગ્ય સ્ટાફ, આંગણવાડી સ્ટાફ તેમજ નાગરિકો, શાળાના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં અને પ્રધાનમંત્રી અને મુખ્યમંત્રીશ્રીના મુખ્ય કાર્યક્રમનું પ્રસારણ નજરે નિહાળ્યું હતું.અખંડ ભારત



# આંતરરાષ્ટ્રીય સમાન પગાર દિવસ એ માનવ ગરિમાના સન્માનનો દિવસ પણ ગણવો જોઈએ!

(અંક નંબર ૪૫૮)

હૈયામાં હોય હામ તોજ કંઈક કાર્ય કરવા મળે છે.
પરિશ્રમથી પલળશો તોજ છેલ્લે પામવા મળે છે.
જાણવા મથો ખુદને તો જ ખુદાને જાણવા મળે છે.
આપી શકો સંપૂર્ણ તોજ કંઈક સ્વીકારવા મળે છે.
હોય ખવડાવવાની ખ્વાઈશ તોજ ખાવા મળે છે.
ઉત્તમ હોય નિષ્ઠા તોજ સાંગોપાંગ ઉતરવા મળે છે.
પરખ પામો સેવાની તોજ સન્માન પામવા મળે છે.
હોય લાયકાત તોજ આવડત આવકારવા મળે છે.
રંકના ભાગ્યના બનશો રખેવાળ તોજ રળવા મળે છે.
કપટ વિના કરશો કામ તો કાગળને પણ કિનારા મળે છે.
હોય 'અલખ'નો આધાર તોજ કરવા સેવા મળે છે
શ્રી બી. એસ. પટેલ 'અલખ'
૧૭/૯/૨૦૨૫

મિત્રો,સેવાદાર કર્મચારીઓ એ કોઈપણ વહિવટી પાંખ માટે ના હાથપગ છે, દેશના સંચાલન માટે નું હાર્ટ છે.સરકાર,સંસ્થા કે પ્રાઈવેટ ક્ષેત્ર હોય દરેકના સંચાલનમાં એ હૃદય સમાન ગણાય છે.

ઉધોગપતિઓ પોતાના ઉધોગો દ્વારા અધધ..કમાણી કરે છે પરંતુ એમાં સૌથી મોટું યોગદાન કર્મચારીઓનું હોય છે. નેતાઓ સરકાર ચલાવે છે પણ સરકાર સંચાલનની અંદર સૌથી મહત્વનો ભાગ કર્મચારીઓ નો હોય છે. માત્ર વેતન લેનાર અને કામ કરનાર વ્યક્તિ છે તેવું સમજવા ને બદલે ઉત્પાદન લક્ષી વહીવટી ક્ષમતાનો અગત્યનો એકમ એટલે કર્મચારી છે એવું સમજવામાં આવે તો ક્યારેય પરિણામ લક્ષી કામ ન મળે તેવું બનશે નહી.

ગઈકાલે આપણે સૌએ જોયું કે ગુજરાતના કર્મચારીઓ દ્વારા કરવામાં આવેલ વર્લ્ડ રેકોર્ડમાં વિપુલ પ્રમાણમાં રક્તદાનની પ્રવૃત્તિ થઈ જેના ઉપરથી ખ્યાલ આવી શકે છે કે જ્યારે જ્યારે રાષ્ટ્રપ્રેમની વાત આવી હોય કે સરકાર સંકટમાં આવી હોય ત્યારે લોક સેવા માટે આર્થિકરીતે અને શારીરિકરીતે પણ કર્મચારીઓ ફરજ ના ભાગ સિવાય વિશેષ પ્રવૃત્તિઓ પણ કરતા હોય છે.જેની નોંધ હંમેશાં સમાજ દ્વારા લેવાવી જોઈએ જ!!!

જેમ ઘરમાં કામ કરવા માટે પત્ની કે ગૃહિણી હોય એના કામની પણ નોંધ લેવાવી જોઈએ એવી જ રીતે આપણે સૌ જાણીએ છીએ તેમ નજીકના ભૂતકાળમાં જ કોરોના વખતે ભારતના તમામ કર્મચારીઓએ ખડે-પગે દેશ લોકોની સેવા કરી તથા વિપુલ પ્રમાણમાં પોતાના પગારમાંથી ફાળો પણ આપ્યો. જે દર્શાવે છે કે કર્મચારીઓ એ બહારના વ્યક્તિ નથી.એ પણ એક નાગરિક છે એ પછી પ્રાઈવેટ સેક્ટરના કર્મચારીઓ હોય કે સરકારી સેક્ટરના કર્મચારીઓ હોય કર્મચારીને પણ એક નાગરિક તરીકે જોવામાં આવે એ ખાસ અગત્યનું છે.

સરકારમાં તો વળી કર્મચારીઓ ધારે એ કરી શકે અને સરકાર ધારે તે કામ કરાવી શકે છે પરંતુ ભાગલા પાડો અને રાજ કરો એવી નીતિની વચ્ચે કર્મચારીઓ પણ સમાન વેતન સમાન કામને બદલે અસમાન વેતન અને ફીક્ષ નોકરી થી અસલામતી અનુભવે ત્યારે કયાંક વફાદારીની અપેક્ષા ખોટી પણ થઈ પડે છે.

વિશ્વની કોઈપણ મહાસત્તા હોય કે જગતનું મોટામાં મોટું કોઈ પણ પ્રાઈવેટ સેક્ટર હોય કે નાનામાં નાનો કોન્ટ્રાક્ટર હોય બધી જ જગ્યાએ જ્યાં માનવ બળનો ઉપયોગ થતો હોય કે ટેકનોલોજી નો ઉપયોગ થતો હોય ત્યારે એની અંદર કામ કરનાર કર્મચારી પણ એક માનવી છે, એ પણ સંવેદનશીલ છે, એ પણ આપણો નાગરિક છે, આપણો ભાઈ છે, એની સાથે પણ પરિવાર જોડાએલો છે એમ સમજણ સાથે ની ભાવના જો કેળવવામાં આવે તો દેશની પ્રગતિ થાય, પ્રાઈવેટ સેક્ટર હોય તો ઉદ્યોગોની પણ પ્રગતિ થાય જ છે.

આપણે સૌ જાણીએ છીએ તેમ સુરતના એક ઉધોગપતિ પોતાના કર્મચારીઓની સાથે ખૂબ જ સારો વ્યવહાર કરે છે અને વિશ્વ લેવલે એમનું પ્રાઈવેટ ક્ષેત્ર ડંકો બજાવે છે !!

અમેરિકા જેવી મહાસત્તાઓમાં પણ કર્મચારીઓને પ્રથમ દ્રષ્ટિથી જોવામાં આવે છે.જાપાન અને જર્મની જેવા દેશોમાં તો સેવાકીય કામો કરતા શિક્ષકો જેવા કર્મચારીઓને કાયદાના કઠેડામાં ક્યારેય ઊભા રાખવામાં આવતા નથી! મતલબ કે સન્માન આપવામાં આવે છે.

હા એ જરૂર વેતન મેળવે છે પરંતુ એનો મતલબ એ નથી કે એમના વિશે ગમે તેમ ટીકા ટીપ્પણી કરવી. બહુ મોટા વિશાળ સમુદાય વચ્ચે કર્મચારીઓમાં પણ ક્યાંક ક્યાંક ખામીઓ આવતી હશે!! એ સમજી શકાય, એ નિવારવા માટે એમના ઉપર મૂકવામાં આવેલા આપણા દ્વારા ચૂંટાયેલા,આપણે જ પદ આપ્યું છે તેવા સંચાલકો કે મંત્રીઓ ઊણા ઉતરે ત્યારે આવી ઘટના બનતી હોય છે એ પણ એટલું જ સાચું છે!!.

આપણે સૌ સમજીએ છીએ કે કયાંક ખુલ્લેઆમ ભ્રષ્ટાચારનું કામ કર્મચારીઓ દ્વારા કરવામાં આવે છે. જોકે આમાં માત્ર કર્મચારીઓ દોષિત છે તેવું નથી સમાન કામ સમાન વેતન ન મળતું હોય તેવી પરિસ્થિતિ વચ્ચે આવા કર્મચારીઓને ભ્રષ્ટાચાર તરફ લઈ જવામાં સંચાલકો એટલે કે સરકારમાં બેઠેલા પદાધિકારીઓ પણ આવું કરાવવા માટે એટલા જ જવાબદાર હોય છે.

જેમ વિશ્વનું સંચાલન ઈશ્વર કૃપાથી જીવન મળે છે તે મૃત્યુ સુધી કુદરત દ્વારા થાય છે તેમ આ માનવ જગતના વહીવટી સંચાલનમાં કામ કરતા સફાઈ કામદાર થી માંડીને સચિવ સુધીના માનવ બળને માત્ર યાંત્રિક કર્મચારી તરીકે જોવાને બદલે માનવી તરીકે જોવાની ભાવના કેળવવામાં આવે એ ખૂબ જરૂરી છે.

ભારત જેવી વિશ્વની મોટી લોકશાહી તો કર્મચારીઓના ભરોસે જ ચાલે છે!!એ કર્મચારી ચીફ જસ્ટિસ હોય,દેશનો મોટો પોલીસ કે મિલેટ્રી નો વડો હોય કે બસ સ્ટેશનની અંદર કામ કરતો સફાઈ કામદાર હોય એ પોતાની દેશ પ્રત્યેની નિષ્ઠાને અનુસરીને જ કામ કરતો હોય છે.એવા સંજોગોમાં આમ જનતાએ માત્ર પગાર આપીએ છીએ એવો ભાવ રાખવાને બદલે સ્વમાન સાથે કામ લેવું જોઈએ.

દેશમાં કેટલાક નેતાઓ તો કર્મચારીઓને સોશિયલ મીડિયા દ્વારા જાહેરમાં તમે અમારા બાપના નોકર છો! તમે અમારા ગુલામ છો !આવા શબ્દો વાપરતા હોય અને આ બધું નાટક આમ જનતાને ઈરાદા પૂર્વક મોબાઈલ થી બતાવતા પણ હોય, પ્રજા પણ આ જોતી હોય ત્યારે દેશના તમામ કર્મચારીઓનું મોરલ તૂટી જતું હોય છે.

ધારાસભ્ય હોય કે કોઈ સંસદ સભ્ય હોય ભૂલ કરનાર કર્મચારી દંડને લાયક બની શકે એ સ્વાભાવિક છે!!! પરંતુ એની સાથે અભદ્ર વ્યવહાર કરીને, બેફામ વાણી વિલાસ સોશિયલ મીડિયામાં મૂકવામાં આવે ત્યારે નિષ્ઠાપૂર્વક કામ કરતા અન્ય કર્મચારીઓના દિલને પણ ખોટું લાગતું હોય છે. આ બાબત ખરેખર શીખવા જેવી છે

કર્મચારીઓ કામ કરવામાં વેઠ ઉતારે,ક્યાંક ભ્રષ્ટાચાર કરે ,ક્યાં કામચોરી કરે તેવા સંજોગોમાં માત્ર આવું કરવા માટે કર્મચારી એકલો જ જવાબદાર છે તેવું સમજવાને બદલે કામ કરાવનાર વ્યક્તિ કેટલી લાયકાત વાળો છે એ પણ જોવું જોઈએ. વગર ભણેલા કે ઓછું ભણેલા મંત્રીઓ આઈપીએસ કે આઈએએસ અધિકારીઓ સાથે કામ લેવામાં ઉણાં ઉતરે અને જે પરિસ્થિતિ ઉભી થાય એના માટે સમગ્ર કર્મચારી જાતને દોષિત સમજવામાં આવે જે યોગ્ય નથી. આ વાત ખાનગી, પ્રાઈવેટ સેક્ટરને પણ લાગુ પડે છે.

કામ કરે છે તો વેતન મેળવે છે. આ બાબત દરેકને લાગુ પડે છે.કામ કરનારની ક્યારેક ભૂલ પણ થાય,કોઈ ઉપરથી શીખીને આવતું નથી, દેશના દરેક નાગરિકોએ કર્મચારીઓ સાથે નોકર છે માત્ર એવા ભાવથી કામ કરાવવું યોગ્ય નથી કારણ કે એ જ કર્મચારીઓ દેશના નાગરિક પણ છે અને મતદાર પણ છે, એમનામાં પણ દેશદાઝ અને દેશ પ્રેમ હોય છે. આપણે અનેક વખતે જોયું છે. આપત્તિ કાળમાં કર્મચારીઓ જ જીવ જોખમમાં મૂકીને લોકોની સેવામાં જોડાતા હોય છે.

મિત્રો,આજના દિવસે દર વર્ષે ૧૮ સપ્ટેમ્બરને સમાન કામ સમાન પગાર દિવસ તરીકે ઉજવાય છે. યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલીએ ૧૫ નવેમ્બર ૨૦૧૯ ના રોજ '૧૮ સપ્ટેમ્બર'ને આંતરરાષ્ટ્રીય સમાન પગાર દિવસ તરીકે મનાવવાનો ઠરાવ અપનાવ્યો હતો, જે 'સમાન પગાર માટે આંતરરાષ્ટ્રીય ગઠબંધન' દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો.આ

ઠરાવને કુલ ૧૦૫ સભ્ય દેશો દ્વારા મંજૂરી અપાઈ હતી. કામદારો અને નોકરીદાતાઓના સંગઠનો અને વ્યવસાયોના યોગદાનને માન્યતા આપવાની સાથે સાથે, સમાન પગાર સાથે સન્માન હાંસલ કરવા માટેના યોગદાનને પણ સ્વીકારવામાં આવ્યું હતું.

આંતરરાષ્ટ્રીય સમાન પગાર દિવસનો ઉદ્દેશ્ય સમાન મૂલ્યના કામ માટે સમાન વેતન હાંસલ કરવાનો અને મહિલાઓ અને સ્ત્રીઓ સામેના ભેદભાવ સહિત તમામ પ્રકારના ભેદભાવ સામેની દિવાલોને તોડી પાડવાનો છે.

**મેનેજિંગ તંત્રી**



**શ્રી બી.એસ પટેલ**
**અખંડ ભારત દૈનિક ન્યુઝ**
**ગાંધીનગર.ગુજરાત.**

દરેક દેશોમાં સેવામાં જોડાયેલા સરકારી કે ખાનગી સેકટરના સવેતન કર્મચારીઓ એ દેશના નાગરિકો પણ છે, માનવી પણ છે તેથી જ તેમના કામને સેવા ગણવામાં આવે છે..... રામે.. રામ

## અપ્રુજી ગામે સુવિધા પથનું થયું ખાતમુહૂર્ત

રણજીતસિંહ સોલંકી

ગુજરાત સરકારે ગામતળમાં પાણી ભરાતા હોય તેવા રસ્તાઓના કાયમી નિવારણ માટે માર્ગ અને મકાન પંચાયત વિભાગ સુવિધાપથ યોજના અંતર્ગત કઠલાલ તાલુકાના અપ્રુજી થી નારપુરા મડાદરા તરફના રોડ ને ગામતળ માંથી જોડતા અપ્રુજી ગામતળના ૪૦૦ મીટર લંબાઈના રૂ.૪૮.૦૦ લાખના મંજૂર થયેલ સીસી રોડ નું આજ રોજ કપડવંજના ધારાસભ્યશ્રી



રાજેશભાઈ ઝાલાના હસ્તે ખાત મુહુર્ત કરવામાં આવ્યું.આ પ્રસંગે મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા. - અખંડ ભારત

## ગાયત્રી મંદિર બાયડ ખાતે હવન દ્વારા જન્મદિવસની થઇ ઉજવણી

શાહ ચંદ્રેશકુમાર

અરવલ્લી જિલ્લાના બાયડ શહેર ખાતે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાહેબના જન્મ દિવસે ગાયત્રી મંદિર ખાતે હવન નો આયોજન કરવામાં આવ્યુ, મોટી સંખ્યામાં બાયડ શહેરના નાગરિકો અને ભાજપના પદાધિકારીઓ જોડાયા.

- અખંડ ભારત



## અપ્રુજી ગામે શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનો જન્મદિવસ ઉજવાયો



રણજીતસિંહ સોલંકી

અપ્રુજી ગામે કાશીવિશ્વનાથ મહાદેવ મંદિરે શિવજીની પૂજા કરી માનનીય પ્રધામંત્રીશ્રીના દીર્ઘાયુ આયુષ્ય માટે પ્રાથના કરી. આ પ્રસંગે કઠલાલ તાલુકા ભારતીય જનતા પાર્ટીના પૂર્વ ધારાસભ્ય કનુભાઈ ડાભી સાહેબ, સંગઠન પ્રમુખ કિરણસિંહ રાઠોડ,સંગઠનના હોદ્દેદારો તેમજ અપ્રુજી ગ્રામજનો ઉપસ્થિત રહ્યા. - અખંડ ભારત

## મોટા કોટડા સેવા સહકારી મંડળીમાં ૧૧ સભ્યો થયા બિનહરીફ

ભીખાભાઈ પટેલ

સાબરકાંઠા જિલાના ઈડર તાલુકામાં આવેલ મોટા કોટડા સેવા સહકારી મંડળી ગામના યુવાનોએ ભેગા મળી વડીલ સભ્યોને ટેકો આપી સમરસ કરી છે ગામ ના યુવાનોએ સેવા સહકારી મંડળી પ્રગતિ કરે અને ખેડૂતોના પ્રશ્નો હાલ થાય તેવી આશા સાથે બિન હરીફ સભ્યોને અભિનંદન આપ્યા છે તેથી ગ્રામજનોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. - અખંડ ભારત

## ધાનેરાની રૂણી પ્રાથમિક શાળાના શિક્ષક દિનેશભાઈ ડી.ચૌહાણને મળ્યો 'પ્રકૃતિ મિત્ર એવોર્ડ'

અશોક ભાટી

તાજેતરમાં શ્રી ગાયત્રી તીર્થ, અંબાજી ખાતે શ્રી કિશનચંદ ટેકચંદ પરિવાર, ખેડબ્રહ્માના સૌજન્યથી એક ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી પ્રકૃતિ મિત્ર ગ્રુપ, ગુજરાત અને રિહેન એચ. મહેતા વિદ્યાલયના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ કાર્યક્રમમાં સમગ્ર ગુજરાતમાંથી પર્યાવરણ સંરક્ષણ માટે કાર્યરત ૧૮૫ જેટલા પર્યાવરણ પ્રેમીઓને 'પ્રકૃતિ મિત્ર એવોર્ડ' આપી સન્માનિત કરવામાં આવ્યા.

આ પ્રસંગે ગુજરાત રાજ્યના ખેરાલુ વિધાનસભાના સભ્ય સુરેશભાઈ ચૌધરી, એવોર્ડ ટીચર્સ ફેડરેશનના પ્રમુખ શ્રી શૈલેષભાઈ પટેલ, શ્રી સુરેશભાઈ પટેલ અને કે.ટી. પરિવારના સભ્યો સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

- અખંડ ભારત



## મોદી સાહેબના જન્મદિવસ નિમિત્તે ડેડીયાપાડા ખાતે બિસ્કીટનો તથા ફ્રુટ વિતરણ કરવામાં આવ્યું

વસાવા ધરમસિંગભાઈ

આજરોજ યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના જન્મદિવસ નિમિત્તે ડેડીયાપાડાની સરકારી હોસ્પિટલ ખાતે બિસ્કીટનો તથા ફ્રુટ વિતરણ કરવામાં આવ્યું જેમાં પૂર્વ મંત્રી મોતીભાઈ વસાવા સાહેબ તથા બાંધકામ સમિતિ ચેરમેન ખાનસિંગભાઈ વસાવા પૂર્વ પ્રમુખશ્રી પરીષાબેન વસાવા જે કે પરમાર સાહેબ તાલુકા સંગઠન



પ્રમુખ શ્રી મનસુખભાઈ વસાવા વગેરે કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

અખંડ ભારત

## ધનસુરા ગ્રામ પંચાયત સ્ટાફ દ્વારા સ્વચ્છોત્સવ યોજાયો



આકાશકુમાર ખાંટ

આજ રોજ આત્મનિર્ભર અને વિકસિત ભારતના સૂત્રધાર, ભારતના લોકલાડીલા વડાપ્રધાન આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદીજીને જન્મદિવસ નિમીતે તાલુકા વિકાસ અધિકારી સાહેબ શ્રી, મામલતદારશ્રી, સરપંચશ્રી, સભ્યશ્રીઓ, તાલુકા પંચાયત સ્ટાફ, ધનસુરા ગ્રામ પંચાયત સ્ટાફ દ્વારા સ્વચ્છોત્સવ ૨૦૨૫ (સ્વચ્છતા હિ સેવા)નો શુભારંભ કરવામાં આવ્યો, પસંદ કરેલ સ્થળોની સાફ-સફાઈ કરવામાં આવી અને તમામ લોકોને "સ્વચ્છતા હી સેવા"ના શપથ લેવડાવામાં આવ્યા.

- અખંડ ભારત

## પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે સુપોષણ કીટનું થયું વિતરણ




જયેશભાઈ મકવાણા

આજ રોજ પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના જન્મદિવસ નિમિતે ઉજવાતા સેવા પખવાડિયા અંતર્ગત સુપોષણ અભિયાન હેઠળ સુપોષણ અભિયાનના ઈન્ચાર્જ ડૉ શ્રદ્ધા રાજપૂત તેમજ પ્રદેશ મીડિયા કન્વીનર ડૉ.યજ્ઞેશભાઈ દવે અને પ્રદેશ યુવા મોરચાના અધ્યક્ષ શ્રી ડૉ.પ્રશાંતભાઈ કોરાટ ની વિશેષ ઉપસ્થિતિ માં ૦૩ થી ૦૬ વર્ષના બાળકોને સુપોષણની કીટ નું વિતરણ કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં પ્રદેશ મીડિયા ડીબેટના સદસ્યશ્રીઓ શ્રી શૈલેશ પરમાર,શ્રી હેમાંગભાઈ પટેલ,શ્રી પારૂલબેન પટેલ,શ્રી નીલમબેન વ્યાસ ઉપસ્થિત રહ્યા હતા. અખંડ ભારત

## ખંભાળિયામાં ટાઉનહોલ ખાતે સાયબર સેફ્ટી અવેરનેસ સેમીનાર યોજાયો

આકાશ વિઠલાણી

ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગીકી વિભાગ અંતર્ગત સીક્યોરીટી ઓપરેશન્સ સેન્ટર અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા રાષ્ટ્રીય રક્ષા યુનીવર્સીટીના સહયોગથી યોજાયેલ આ અવેરનેસ સેમીનારમાં જિલ્લાના વિવિધ સરકારી કર્મચારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. સેમીનાર અંતર્ગત સાઈબર ક્રાઈમના વિવિધ પ્રકારો તેમજ તેનાથી રક્ષણ માટે જરૂરી તકેદારીના પગલાં અંગે એક્સપર્ટસ દ્વારા માહિતી આપવામાં આવી હતી. વધુમાં સાઈબર ક્રાઈમને લગતાં વિવિધ કાયદાઓ અને નિયમો અંગેની



સમજ આપવામાં આવી હતી. સેમીનારમાં સાઈબર સિક્યોરીટી અંગેની પ્રાથમિક માહિતી, સાયબર અટેકનાં કારણો, વિવિધ ભયસ્થાનો, એટેકનાં પ્રકારો, તેનાથી બચવાની રીતો, સલામત ઈન્ટરનેટ બ્રાઊઝિંગ, ઈ- મેઈલ તેમજ પાસવર્ડ અને ડેટા સીક્યોરીટી, ડેટા પ્રાઈવસી, આઈ.ટી. એક્ટ તેમજ ડી.પી.ડી.પી એક્ટ જેવાં વિષયોને આવરી લેવામાં આવ્યાં હતાં.

- અખંડ ભારત

## નેત્રંગ નગરમાં ૧૫ દિવસમાં બીજી વખત સ્ટીલ સિમેન્ટના વેપારીઓને ત્યા GSTની રેડ

પ્રતીક પ્રજાપતિ

નેત્રંગ માં એક વેપારીને રેડ દરમ્યાન છાતીમાં દુખાવો થતા જીએસટીના અધિકારીઓ દવાખાને લઇ ગયા હતા.રૂ.૧૦૦ કરોડની બોગસ ઈનપુટ ટેક્સ કેડિટ લેનાર અમદાવાદ ના હિમાંશુ શાહની ધરપકડ બાદ ડિરેક્ટરોરેટ જનરલ ઓફ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ ઈન્ટેલિજન્સ ડીજીજીઆઇના અધિકારીઓ દ્વારા ચાલી રહેલ તપાસમાં ચુનારા ટ્રેડર્સ દ્વારા લેવામાં આવેલી બોગસ ઈનપુટ ટેક્સ કેડિટની ચકાસણીમાં ચુનારા ટ્રેડર્સ માંથી બોગસ બિલો લેનારી કંપનીઓના બહાર આવેલ નામોમાં ડેઈમા કન્સ્ટ્રકશન જી.નર્મદા ડીજીજીઆઇના અધિકારીની તપાસમાં બહાર આવતા ડેઈમા કન્સ્ટ્રકશન ને લીધેલા બિલોની તપાસ નો રેલો નેત્રંગ સુધી આવતા વડોદરા જીએસટી વિભાગ ની ટીમે તા.૨ સપ્ટેમ્બર ના રોજ નેત્રંગ નગરમાં સિમેન્ટ-સ્ટીલનો વેપાર કરતા જેમા નેત્રંગ-વાલીયા રોડ પર,એસબીઆઈ બેંક પાસે આવેલ તેમજ નેત્રંગ-ડેડીયાપાડા રોડ ઉપર આવેલ પેઢીઓ પર રેડ કરી તપાસ હાથ ધરી હતી.આ સમયે એક વેપારીને છાતીમાં દુખાવો ઉપડતા જીએસટીના અધિકારીઓ પોતાની ગાડીમાં વેપારીને દવાખાને લઇ જવાની ફરજ પડી હતી.બાદ માં જીએસટી વિભાગ વડોદરાની ટીમે તા.૧૬ના રોજ ચાર રસ્તા વિસ્તારમાં આવેલ એક સિમેન્ટ-સ્ટીલ વેપારીની દુકાન પર રેડ કરી હોવાની વાત નગર ભરમાં વાયુવેગે ફેલાઇ ગઇ હતી.આ બાબતે તપાસ કરતા જીએસટીના અધિકારીઓ નોટીસ આપીને જતા રહ્યા હોવાની વાત જાણવા મળેલ છે.જીએસટી વિભાગની ટીમે કરેલ રેડ દરમ્યાન શુ શુ કાર્યવાહી કરેલ છે. તેની વિગતો જાણવા મળેલ નથી.અખંડ ભારત

## પાંજરાપોળમાં ગૌ માતાનું પૂજન કરાયું



દિયોદર કલ્પેશ બારોટ

દીયોદર ખોડાઢોર પાંજરાપોળમાં રાજવી માનસિંહજી વાઘેલા અને ધારાસભ્ય કેશાજી ચૌહાણની ઉપસ્થિતિમાં ગૌ માતા નું પૂજન તથા વૃક્ષારોપણ કરાયું હતું જેમાં દર વર્ષ ની જેમ આ વર્ષે પણ પંથ વિજય ભગવાન ધર્મચક ચેરીટેબલ ટ્રસ્ટ સુરત દ્વારા ગુજરાતની ૭૫ ગૌ શાળામાં ઑષધી યુક્ત લાડુ નું વિના મૂલ્યે વિતરણ કર્યું હતું તેમજ ઉપસ્થિત તમામ લોકોને વર્તમાન સમય પ્રાકૃતિક ખેતી વિષે પણ માહિતીગાર કરાયા હતા અને દરેક લોકો પોતાના ત્યાં પ્રાકૃતિક ખેતી તરફ વળે તેવું આહવાન કર્યું હતું આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમ ને સફળ બનાવ્યો હતો. અખંડ ભારત

## વડોદરા ખાતે સંકલ્પ બેઠકનું કરાયું આયોજન



શાહ ચિરાગ

માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના ૭૫મા જન્મદિવસ નિમિત્તે વડોદરા ખાતે સર્કિટ હાઉસ પર "નરેન્દ્ર મોદી વિચાર મંચ" દ્વારા સંકલ્પ બેઠકનું આયોજન કરવામાં આવ્યું.આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ગુજરાત પ્રદેશ પ્રમુખ શ્રી ચેહરભાઈ દેસાઈ, રાષ્ટ્રીય સચિવ શ્રી વિજયસિંહ ચૌહાણ, ગુજરાત રાજ્ય મહિલા પ્રમુખ શ્રીમતી મીનલબેન જાની, ગુજરાત યુવા પ્રમુખ શ્રી ભાવેશભાઈ વાઘમસી તથા ગુજરાત પ્રદેશ મંત્રી શ્રી મુકેશભાઈ ભ્રમભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા. દેશમાં સૌપ્રથમ વાર અનોખી રીતે આ ઉજવણી અંતર્ગત ગુજરાતના ૭ તાલુકા તથા જિલ્લાના પદાધિકારીઓએ પવિત્ર તુલસી માતાની સાક્ષીએ મોદીજી તથા દેશ માટે પોતાના તન, મન અને ધનથી સેવા આપવાનો સંકલ્પ લીધો.વિચાર મંચ પરિવાર દ્વારા અનોખી પ્રણાલી શરૂ કરવામાં આવી છે, જેના અંતર્ગત દરેક કાર્યકર આવનારા વર્ષ દરમિયાન કરવાના રાષ્ટ્રહિતના કાર્યોની નોંધ લઈ, તે વિગતો દિલ્હી હેડક્વાર્ટર ખાતે પહોંચાડવામાં આવશે.દેશસેવા માટે સમય આપવો એ સૌથી મોટું યોગદાન છે આ વિચાર સાથે ઉપસ્થિત સૌએ આવનારા વર્ષો સુધી દેશ સેવા માટે સમર્પિત રહેવાનો સંકલ્પ લીધો. સાથે જ પ્રધાનમંત્રીશ્રીના દીર્ઘાયુષ્ય અને સારા આરોગ્ય માટે વિશેષ પ્રાર્થનાઓ પણ કરવામાં આવી- અખંડ ભારત

## સરીગામમાં મહામંડલેશ્વર હેમલતા સખીજીની હાજરી



જિતેન્દ્રસિંહ સોલંકી

વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના સરીગામ ગામે શ્રી ભાગ્યલક્ષ્મી રાજમતી કુંજ ખાતે ઉદ્યોગપતિ અને સામાજિક કાર્યકર્તા પ્રતીક બંશનારાયણ (ગુડ્ડુ) રાય કિતી? રાય મનિષ (બાલા) રાયના નિવાસ સ્થાને કિન્નર અખાડાના કિન્નર કથા વાચક મહામંડલેશ્વર શ્રી હેમલતા સખીજી પધાર્યા હતા. આ પ્રસંગે તેમણે ભજન–કીર્તન સાથે ધાર્મિક પ્રવચન આપ્યું હતું. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહી ભક્તિભાવથી ભજન, કીર્તનનો લાભ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું અધ્યક્ષસ્થાન પ્રતીક ઉર્ફ ગુડુ રાયે સંભાળ્યું હતું. અખંડ ભારત

## સંતરામપુર સરકારી હોસ્પિટલની શિક્ષણમંત્રીએ લીધી મુલાકાત

ભરત શર્મા

દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના ૭૫માં જન્મદિવસ ઉજવણી અન્વયે સંતરામપુર મુકતેશ્વર મહાદેવ મંદિરે પૂજા અર્ચના કરી મોદીજી સાહેબ સુખાકારી પ્રાર્થના કરી અને સિવિલ હોસ્પિટલ સંતરામપુર ખાતે આયોજિત સર્વરોગ નિદાન કેમ્પમાં સહભાગી બન્યા.મહીસાગર જિલ્લા કલેકટર અને પનગર પાલિકા પ્રમુખ નિશાબેન મોદી





વગેરે હાજર રહ્યા હતા. નગર પ્રમુખ નીતિનભાઈ રાણા અનેક કાર્યકર્તા આ મહામૂલા સેવાકાર્યનું નિરીક્ષણ કર્યું.અને સ્ટેટે હોસ્પિટલ માં જયારે જયારે કઈ સુવિધાની જરૂર પડે અમે હંમેશા તત્પર રહીશુ.અને સંતરામપુર સ્ટેટે હોસ્પિટલ ના અધિક્ષક મેમ, જે કે પટેલ અને સ્ટાફ એ સારી કામગીરી કરેલ બતાવી.ડો.પવન અને કે એમ.પારગી સિસ્ટર તથા ઓપેરશન થિયેટર ટીમ ના ડીલેવરી સુવિધા કાર્યો ને બિરદાવ્યા હતા..અખંડ ભારત

## શ્રી કૃષ્ણ પ્રણામી મંદિરમાં અમૃત મહોત્સવની ભવ્ય ઉજવણી

પરમાર શૈલેષ કુમાર - મહીસાગર જિલ્લાના સંતરામપુર મુકામે શ્રી કૃષ્ણ પ્રણામી મંદિર ૧૬ ગામ સંચાલિત પ્રણામી સમાજ દ્વારા મંદિર ના ૭૫ વર્ષ પુર્ણ થતા હોય અમૃત મહોત્સવ શરદપૂર્ણિમા ૭૫ પારાયણ મહાયજ્ઞ નું તારીખ ૩૦/૦૯/૨૫થી તારીખ ૦૬/૧૦/૨૫ સુધી સાત દિવસ અમૃત મહોત્સવ નું ભવ્ય ઉજવણી કરવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.જે કાર્યક્રમ બાલાસિનોર ના મહંત શ્રી ૧૦૮ ધનીદાસ મહારાજ સુરત માનવ મંદિર ના મહંત ૧૦૮ શ્રી લક્ષ્મણજયોતિ મહારાજ, પન્ના મધ્ય પ્રદેશ ૫ પદ્માવતી પુરી ધામ થી દેવકરણજી પંડીત જી તેમજ ગુજરાત સરકાર ના કેબિનેટ મંત્રી શ્રી ડો. કુબેર ભાઈ ડીડોર મહીસાગર જિલ્લા પંચાયત ના પ્રમુખ શ્રી બાબુભાઈ પટેલ વિગેરે મહાનુભાવો ઉપસ્થિત રહેશે - અખંડ ભારત

# સ્વછતાહી સેવા -૨૦૨૫ અંતર્ગત કોઠા ગ્રામ પંચાયતમાં થયો કાર્યક્રમ



જગદીશ કુમાર તુરી

આજરોજ સ્વછતાહી સેવા -૨૦૨૫ અંતર્ગત જિલ્લા કક્ષાના શુભારંભ નો કાર્યક્રમ લુણાવાડા તાલુકાના કોઠા ગ્રામ પંચાયતમાં માનનીય જિલ્લા વિકાસ અધિકારી સાહેબ શ્રી અને નિયામક સાહેબ શ્રી ની અધ્યક્ષતામાં કરવામાં આવ્યો.જેમાં રાજયકક્ષાના કેબિનેટ મંત્રીશ્રી, જિલ્લા, તાલુકા પંચાયતના પ્રમુખશ્રીઓ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી નિયામક સાહેબ શ્રી તાલુકા અને જિલ્લાના ચૂંટાયેલા સભ્યશ્રીઓ અને તાલુકા જિલ્લાના અધિકારીગણ તેમજ ગ્રામજનો ને સાથે રાખી કાર્યક્રમ કરવામાં આવ્યું.

અખંડ ભારત

# બોટાદ જિલ્લા પ્રમુખ શ્રી મયુરભાઈ પટેલના જન્મદિવસની ઉજવણી

જગદીશ પરમાર

બોટાદ જિલ્લા યુવા મોરચા દ્વારા બોટાદ જિલ્લા પ્રમુખ શ્રી મયુરભાઈ પટેલના જન્મદિવસની ઉજવણીના ભાગરૂપે તુરખા રોડ - બોટાદ ખાતે ૧૦૧ વૃક્ષોનું વૃક્ષારોપણ કર્યું તેમજ સેવા વસ્તીમાં બાળકોને ચોકલેટ અને બિસ્કીટનું વિતરણ કરીને વિશિષ્ટ ઉજવણી કરવામાં આવી. જેમાં બોટાદ માર્કેટીગ યાર્ડના ચેરમેન શ્રી મનહરભાઈ માતરીયા, જિલ્લા યુવા મોરચા પ્રમુખ શ્રી જીગ્નેશભાઈ બોળીયા, જિલ્લા



સોશિયલ મીડિયા ઈન્ચાર્જ શ્રી ચેતનભાઈ ઝાલા, બોટાદ શહેર મહામંત્રી શ્રી વિજયભાઈ ગોહળીયા, બોટાદ નગરપાલિકા કારોબારી ચેરમેન શ્રીમતી જયશ્રીબેન જાંબુકિયા, જિલ્લા કિસાન મોરચા ઉપપ્રમુખ શ્રી મંગલસિંહ ટાંક, પૂર્વ મહામંત્રી બોટાદ શહેર શ્રી રમેશભાઈ ચાવડા, બોટાદ શહેર ઉપપ્રમુખ શ્રી રાજેશભાઈ માથુકિયા, બોટાદ શહેર શક્તિકેન્દ્ર સંયોજકો તેમજ બોટાદ નગરપાલિકાના સદસ્યો, હોદ્દેદારો શ્રીઓ-કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. અખંડ ભારત

# તીર્થ ધામ બહુચરાજીને આજથી મળ્યો નગરપાલિકાનો દરજ્જો

પ્રકાશસિંહ ઝાલા

બહુચરાજી ગામના આસપાસના વિસ્તારોમાં ઔધોગિકરણના વિકાસને કારણે રાજ્ય સરકાર દ્વારા નગરપાલિકાના દરજ્જો આપવામાં આવ્યો છે અગાઉ મહેસાણા જિલ્લા કલેકટર સાહેબ શ્રી અને બહુચરાજી મામલતદાર સાહેબ શ્રી દ્વારા બહુચરાજી ગ્રામ પંચાયતને નગરપાલિકાના દરજ્જો આપવા માટે રાજ્ય સરકારને દરખાસ્તો કરેલી આખરે સરકારે આજરોજ તારીખ ૧૭/૯/૨૦૨૫ ના રોજ નોટિફિકેશન જાહેર કરીને નગરપાલિકાના દરજ્જો આપવામાં આવ્યો છે નગરપાલિકાના દરજ્જો મળતા નગરવાસીઓ માં ખુશીનો માહોલ છે. અખંડ ભારત

# સંખેડા સુથાર સમાજ દ્વારા વિશ્વકર્મા યજ્ઞ અને ભજન થયા

ખરાડી ધર્મેશકુમાર

કારખાનેદારો, ઇજનેરો, આર્કિટેક્ટ, મશીનરી સાથે કામ કરનારા લોકો વિશ્વકર્મા ભગવાનની પૂજા કરે છે.

માન્યતા છે કે આ દિવસે સાધનો, યંત્રો, ફેક્ટરીઓ, વર્કશોપ અને દુકાનોની ખાસ પૂજા કરવી જોઈએ જેથી ઉત્પાદનક્ષમતા વધે અને દુર્ઘટના ટળે.

સરસ શબ્દોમાં કહીએ તો વિશ્વકર્મા ભગવાન એ વિશ્વના પ્રથમ ઈજનેર અને સ્થાપત્ય



કળાના આચાર્ય છે, જેમણે જગતને કલાત્મકતા, વિજ્ઞાન અને ટેક્નોલોજીની દિશા આપી.

સ્વર્ગનો ઈન્દ્રપ્રસ્થ મહેલ – પાંડવો માટે બનાવેલો.

દ્વારકા નગરી – ભગવાન શ્રીકૃષ્ણ માટે નિર્મિત.

પુષ્પક વિમાન – રાવણ માટે બનાવેલું.

ત્રિશૂલ – ભગવાન શિવ માટે બનાવેલો.

સુદર્શન ચક્ર – ભગવાન વિષ્ણુને અર્પિત.

વજ્ર – ઈન્દ્ર માટે નિર્મિત હથિયાર..

અખંડ ભારત

# ચલાલા શહેર ભારતીય જનતા પાર્ટી દ્વારા 'સેવા પખવાડિયા'ની ઉજવણી



જયેશ મકવાણા

મા.વડાપ્રધન શ્રી ના જન્મ દિવસ અંતર્ગત "સેવા પરમો ધર્મ" ના પવિત્ર સિદ્ધાંતને અનુસરીને વિવિધ સેવાકીય કાર્યો માટે ચલાલા શહેર ભાજપ દ્વારા એસ.ટી.બસ ડેપો માં ,સ્વચ્છતા અભિયાન નુ આયોજન કરવામાં આવ્યું.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત લોકપ્રિય ધારાસભ્ય જેવી ભાઈ કાકડીયા.શહેર પ્રમુખ જીતુભાઈ કાથરોટીયા મહામંત્રી અશોકભાઈ ચૌહાણ.નગરપાલિકા ના પ્રમુખ પ્રતિનિધિ ભયલુભાઈ વાળા.ઉપપ્રમુખ પ્રવીણભાઈ ભરતભાઈ માલવિયા, મનસુખભાઈ ગેડિયા, અનુ.જાતી મોરચા ઉપપ્રમુખ વાળા વિજયભાઈ દિનમહમદ બ્લોચ.ચલાલા શહેર આગેવાનો મંડલના હોદ્દેદારો, નગર પાલિકાના સદસ્યશ્રી ઓ વિવિધ મોરચાના પદાધિકારીઓ, આગેવાનો તથા કાર્યકર્તાઓ એ ઉપસ્થિત રહયા હતા.

અખંડ ભારત

# ધાનપુરમાં પ્રધાનમંત્રીના જન્મ દિવસની ઉજવણી



વાદી બળવંતસિંહ

ધાનપુર ખાતે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના ૭૫ મા જન્મદિવસ નિમિતે તેમના દીર્ઘાયુ માટે પૂજા અર્ચના કરી શુભેચ્છાઓ પાઠવવામાં આવી તથા કષ્ટભંજન મંદિર,ધાનપુર ખાતે માનનીય મંત્રીશ્રી બચુભાઈ ખાબડ સાહેબની અધ્યક્ષતામાં જિલ્લા કારોબારી અધ્યક્ષ,ધાનપુરના મંડલ પ્રમુખ, તાલુકા પ્રમુખ,તાલુકાનાં સૌ હોદેદારોશ્રીઓ,જિલ્લા સભ્યો,તાલુકા સભ્યો,જિલ્લા હોદેદારો,તાલુકા હોદેદારો,જિલ્લા મોરચા, તાલુકા મોરચા હોદેદારો સૌ કાર્યકરો હાજર રહ્યાં. - અખંડ ભારત


# મધ્યપ્રદેશના ધારથી "સ્વસ્થ નારી, સશક્ત પરિવાર" અભિયાનનો રાષ્ટ્રવ્યાપી શુભારંભ કરાવ્યો

જયેશભાઈ મકવાણા

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ આજે મધ્યપ્રદેશના ધાર ખાતેથી રાષ્ટ્રવ્યાપી અભિયાન "સ્વસ્થ નારી, સશક્ત પરિવાર"નો શુભારંભ કરાવ્યો હતો તેમજ દેશના નાગરિકોને પ્રેરક સંબોધન કર્યું હતું. આ કાર્યક્રમનું રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ તેમજ આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલે મહાત્મા મંદિર-ગાંધીનગર ખાતેથી વર્ચ્યુઅલ પ્રસારણ નિહાળ્યું હતું.

"સ્વસ્થ નારી, સશક્ત પરિવાર" અભિયાનના શુભારંભ પ્રસંગે મહાત્મા મંદિર ખાતે યોજાયેલા નિઃશુલ્ક મેગા આરોગ્ય ચકાસણી કેમ્પની રાજ્યપાલશ્રી, મુખ્યમંત્રીશ્રી તેમજ આરોગ્ય મંત્રીશ્રી સહિતના મહાનુભાવોએ મુલાકાત લીધી હતી. ઉપરોક્ત મેગા કેમ્પમાં નાગરિકોને હૃદય રોગ, કેન્સર, કિડની, ટીબી, ડાયાલિસિસ, બીપી, સ્ત્રી રોગ, આંખ, કાન, નાક અને ગળાના રોગોની તપાસ અને માર્ગદર્શન નિઃશુલ્ક આપવામાં આવશે.

ગુજરાતમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ અને મહિલા-બાળ કલ્યાણ વિભાગ દ્વારા તા. ૧૭ સપ્ટેમ્બર થી તા.



૦૨ ઓકટોબર સુધી "સ્વસ્થ નારી, સશક્ત પરિવાર" અભિયાન ચલાવવામાં આવશે. તે અંતર્ગત આરોગ્ય વિભાગ દ્વારા સબ સેન્ટરથી લઈને મેડિકલ કોલેજ હોસ્પિટલ સુધી સ્ત્રીઓ અને બાળકો માટે જુદા ૧૪ જેટલા વિષયો સંબંધિત આરોગ્ય સેવાઓ પૂરી પાડવામાં આવશે.

આજથી શરૂ થયેલા રાષ્ટ્રવ્યાપી અભિયાન સંદર્ભે ગુજરાતમાં અંદાજે કુલ ૧,૪૧,૦૩૭ જેટલા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં પેટા આરોગ્ય કેન્દ્ર-આયુષ્માન આરોગ્ય મંદિર દ્વારા ૧,૦૦,૮૫૪, પ્રાથામિક આરોગ્ય કેન્દ્ર દ્વારા ૨૦,૦૦૭, શહેરી પ્રાથામિક આરોગ્ય કેન્દ્ર દ્વારા ૫,૫૯૦, શહેરી આયુષ્માન આરોગ્ય મંદિર દ્વારા ૯,૯૭૧ અને સામુહિક આરોગ્ય કેન્દ્ર દ્વારા ૪,૬૧૫ જેટલા કેમ્પનો સમાવેશ થાય છે.

આમ રાજ્યમાં ૧૦,૮૪૯ સ્પેશ્યાલિસ્ટ કેમ્પ અને ૧,૩૦,૧૮૮ સ્ક્રીનીંગ કેમ્પનું આયોજન કરીને નાગરિકોને નિઃશુલ્ક આરોગ્ય સેવાઓનો લાભ આપવામાં આવશે. મહાત્મા મંદિર-ગાંધીનગર ખાતેના કાર્યક્રમમાં સાંસદ શ્રી મયંકભાઈ નાયક, ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી શિલ્પાબેન પટેલ, ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ, ધારાસભ્ય શ્રી જયંતિભાઈ પટેલ, રાજ્યના મુખ્ય સચિવ શ્રી પંકજ જોષી, આરોગ્ય વિભાગના અગ્ર સચિવ શ્રી ધનંજય દ્વિવેદી, આદિજાતિ વિકાસ વિભાગના અગ્ર સચિવ શ્રી શાહમીના હુસૈન, મુખ્યમંત્રીશ્રીના અધિક અગ્ર સચિવ શ્રી અવંતિકા સિંઘ, મુખ્યમંત્રીશ્રીના સચિવ શ્રી વિક્રાંત પાંડે, મહિલા અને બાળ વિકાસ વિભાગના સચિવ શ્રી રાકેશ શંકર, આરોગ્ય કમિશનર-શહેરી શ્રી હર્ષદ પટેલ તેમજ આરોગ્ય કમિશનર-ગ્રામ્ય શ્રી રતન કંવર સહિત અધિકારી-કર્મચારી અને મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. -

અખંડ ભારત

# સ્વચ્છતા હી સેવા લુણાવાડામા થયું આયોજન

જગદીશકુમાર તુરી

લુણાવાડા નગરપાલિકા દ્વારા આજ તા.૧૭/૦૯/૨૦૨૫ ના રોજ થી સ્વચ્છતા હી સેવા-૨૦૨૫ નો શુભારંભ કરવામાં આવ્યો. જેમાં મુખ્ય મહેમાન તરીકે માં.સાંસદ સભ્ય, રાજપાલસિંહ જાદવ,પ્રમુખ સાહેબશ્રી, ઉપ પ્રમૂખ સાહેબશ્રી, કારોબારી અધ્યક્ષશ્રી, ચીફ ઓફિસરશ્રી,અધિક કલેકટર સાહેબશ્રી,પ્રાંત અધિકારી સાહેબશ્રી તથા અન્ય પદાધિકારીશ્રીઓ તથા




કર્મચારીશ્રીઓ અને સફાઈ કર્મચારીઓ દ્વારા હાજરી આપવામાં આવી જેમાં સ્વચ્છતા અંગે જગદીશભાઈ બારોટ ની ટીમ એ નાટક ભવાઈ પણ રજૂ કરવામાં આવી તેમજ સ્વચ્છતા અંગે શપથ લેવડાવવામાં આવ્યા. . અખંડ ભારત

# પાદરામાં રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું



કાછેલા ભાવેશ

ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળ દ્વારા પાદરા ખાતે "નમો કે નામ રક્તદાન કેમ્પ" નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું.

આ વિશાળ રક્તદાન કેમ્પ માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ ના જન્મદિવસના ઉપલક્ષમાં સંકલ્પ અને સમર્પણની ભાવના સાથે યોજાયો, જેમાં મોટી સંખ્યામાં કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક રક્તદાન કરી માનવ સેવા માટે આગળ આવવાનો સંદેશ આપ્યો.

જેમાં પાદરાના ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલા અને કર્મચારીઓ હાજર રહ્યા હતા...અખંડ ભારત

# શિણોલમાં મોદીજીના દીર્ઘાયુષ્ય માટે થયો યજ્ઞ

ગોર મુકુન્દરાય

શ્રી નરેન્દ્રભાઈ મોદીજી ના જન્મ દિવસ નિમિતે વૈજનાથ મહાદેવ શિણોલ મુકામે શ્રી ચિરાગભાઇ પટેલ તથા ઋષિકેશભાઈ ગોર ધ્વારા મોદીજી ના દીર્ઘાયુષ્ય માટે યજ્ઞનુ આયોજન કરવામા આવેલ હતું

# માલધારીએ ઝેર ગટગટાવી પ્રાણ ગુમાવ્યો

કિશન બહેચા- જૂનાગઢ વિસાવદર તાલુકામાં બનેલા બનાવે સૌરાષ્ટ્રમાં ભારે ચકચાર મચાવી છે. મેંદરડા રેન્જ હેઠળના જાંબુથાળા ગામના બે પિતરાઈ ભાઈઓએ વન વિભાગના અધિકારીઓના ત્રાસથી વ્યથિત થઈ ઝેરી દવા પી લીધી હતી. જેમાંથી સાત દિવસ સુધી સારવાર હેઠળ રહેલા સલીમભાઈ ઈસ્માઈલભાઈ બ્લોચનું જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં અવસાન થયું છે.ગત તા.૮ના રોજ વન વિભાગનો સ્ટાફ જાંબુથાળામાં પહોંચી સલીમભાઈના ઘરે જઈ નવી ખરીદેલી ભેંસોને લઈને જંગલની બહાર નીકળી જવા ધમકાવતા લાગી આવતા ઝેરના પારખા કરતા મોત નિપજ્યું હતું.-અખંડ ભારત

# પંચમહાલ જિલ્લામાં સ્વચ્છોત્સવની કરવામાં આવશે ઉજવણી

આશિષ કામદાર

પંચમહાલ જિલ્લામાં તા.૧૭ સપ્ટેમ્બર થી તા.૨ ઓકટોબર દરમિયાન સ્વચ્છોત્સવ ની ઉજવણી કરવામાં આવશે જિલ્લામાં સ્વચ્છતા હી સેવા કેમ્પેઈન અંતર્ગત દૈનિક ધોરણે સ્વછતાલક્ષી વિવિધ પ્રવૃત્તિઓ થશે. સ્વચ્છતા હિ સેવા સેવા પખવાડિયા દરમિયાન અઠવાડિયાની થીમ મુજબ તથા દિવસ મુજબ સ્વચ્છતાલક્ષી વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે.

ભારત સરકાર દ્વારા તા.૨ જી ઓકટોબરના રોજ મહાત્માં ગાંધીજીની જન્મજંયતી નિમીતે સમગ્ર ભારતમાં સ્વચ્છતાના જન આંદોલનની ઉજવણીનું આહવાન કરવામાં આવ્યું છે.

ગ્રામ્યકક્ષાએ આ કેમ્પેઈન દરમ્યાન શ્રમદાન પ્રવૃતિઓ ની ઓળખ કરીને તેની દૈનિક ધોરણે સાફ-સફાઈનું આયોજન સાથે ગામોના તમામ જાહેર અને સાર્વજનિક સ્થળોની સાફ-સફાઈ, શેરી રસ્તાઓની સાફ-સફાઈ, ધાર્મિક સ્થળો, શાળા-આંગણવાડીઓની સાફ-સફાઈ, ગ્રામ્ય વિસ્તારના તમામ બાગ બગીચાઓની સફાઈ, આંતરિક ધોરીમાર્ગોની સાફ સફાઈ અન્ય રોજીંદા સફાઈની કામગીરી સાથે વિવિધ સ્થીમ આધારિત પ્રવૃતિઓ જેવી કે સ્વચ્છતા રેલી, વોલ પેઈન્ટીગ, નુકડ નાટક, વેસ્ટ ટુ આર્ટ, શાળા કક્ષાએ સ્વચ્છતા સ્લોગન, શાળા કક્ષાએ વિવિધ સ્પર્ધાઓ, સફાઈ શિબીર, સફાઈ મિત્ર સુરક્ષા શિબીર વિગેરે આયોજન સાથે એક દિન- એક કલાક-એક સાથે સ્વચ્છતાને સ્વૈચ્છિક શ્રમદાનનું આયોજન ગ્રામ્યકક્ષાએ હાથ ધરવામાં આવશે વધુમાં તા.૦૨/૧૦/૨૦૨૫ ના રોજ સ્વચ્છ ભારત દિવસની ઉજવણીના ભાગરૂપે હાથ ધરવામાં આવનાર તમામ પ્રવૃતિઓમાં શ્રેષ્ઠ યોગદાન આપનારને પ્રોત્સાહિત કરવા પુરસ્કાર વિતરણ કરવામાં આવશે.

અખંડ ભારત

# મોડાસા સરસ્વતી સ્કૂલ ખાતે નિઃશુલ્ક યોગ આયોજન કરવામાં આવ્યું



કનુ વાળંદ

માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના જન્મદિવસ નિમિત્તે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ (રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અંતર્ગત) દ્વારા મોડાસા સરસ્વતી સ્કૂલ ખાતે નિઃશુલ્ક યોગ કક્ષા નું આયોજન કરવામાં આવ્યું

શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે યોગને વૈશ્વિક સ્તરે માન્યતા અપાવી અને "આંતરરાષ્ટ્રીય યોગ દિવસ" દ્વારા વિશ્વને ભારતની આ પ્રાચીન પરંપરાની અનમોલ ભેટ આપી છે.તેમના પ્રેરણાથી ગુજરાત રાજ્ય યોગ બોર્ડ લોકોમાં આરોગ્ય, સ્ફૂર્તિ અને તંદુરસ્ત જીવન માટે યોગને પ્રત્યેક સુધી પહોંચાડવા સતત પ્રયત્નશીલ છે. આ કાર્યક્રમમાં ડો હરિભાઈ પટેલ સાહેબ સાથે મોટી સંખ્યામાં યોગ ભાઈઓ હાજર રહ્યા હતા.

અખંડ ભારત

# શ્રી સ્વામિનારાયણ વિદ્યાલયમાં રકતદાન કેમ્પ યોજાયો



રાજુભાઈ કાછેલા - રક્તની બૂંદે વીરોને વંદન, રાષ્ટ્રસેવામાં અર્પણ. નમો કે નામ રક્તદાન' અને 'ઓપરેશન સિંદૂર' અંતર્ગત માનનીય યશસ્વી પ્રધાનમંત્રી શ્રીના જન્મદિવસની પાવન ઉજવણીના ઉપલક્ષમાં ભાવનગર એસ.ટી. નિગમ અને શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ, સરદારનગર સંચાલિત શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય માં રક્તદાન કેમ્પ યોજાયો હતો. અખંડ ભારત

# શામપુર ગ્રામ પંચાયતમાં ભ્રષ્ટાચાર મુદ્દે ફરિયાદ

મારવાડી મોહનભાઈ

અરવલ્લી જિલ્લામાં મોડાસા તાલુકાની શામપુર ગ્રામ પંચાયત માં મનરેગા માં ભ્રષ્ટાચાર વિશે એસીબી માં ફરિયાદ દાખલ કરવામાં આવી છે.જો તટસ્થ તપાસ થાય તો આખા અરવલ્લી જિલ્લામાં મનરેગા ના તમામ કામો ના ભ્રષ્ટાચારનો રાફડો ફાટે તો નવાઈ નહી. - અખંડ ભારત

# મોદી સાહેબનો જન્મદિવસ નિમિત્તે મીણબત્તીથી કાર્યક્રમ યોજવામાં આવ્યો



રાહુલ તડવી

નર્મદા જિલ્લાના તિલકવાડા તાલુકામાં વ્યાધર ગામ પંચાયતમાં શ્રી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાહેબ નો જન્મદિવસ નિમિત્તે મીણબત્તીથી કાર્યક્રમ યોજવામાં આવ્યો એમાં વેધર પ્રાથમિક શાળા ના મુખ્ય શિક્ષક પણ હાજર હતા અને આંગણવાડી કાર્યકર પણ ઉપસ્થિત હતા અને આરોગ્ય માટે આશા વર્કર પણ ઉપસ્થિત હતા અને ગામના ભાઈ અને બહેનો પર હાજર રહ્યા હતા.

અખંડ ભારત

# ઘમીજ ગામે શાળાના નવિન મકાનનુ થયું ઉદઘાટન



ઠાકોર જેસલજી

દહેગામ તાલુકાના ઘમીજ ગામે નવિન શાળાના મકાનુ ઉદઘાટન માનશ્રી ધારાસભ્ય બલરાજસિંહ.કે.ચૌહાણ ના હસ્તે કરવામાં આવ્યું નવિન શાળા નુ ઉદઘાટન પ્રસંગે માન શ્રી ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણ ના હસ્તે કરવામાં આવ્યું.

અખંડ ભારત

# મહુવાના ભાદ્રોડમાં બપોર બાદ મેઘમહેર



વાઘ કરણ

મહુવાના ભાદ્રોડમાં બપોર બાદ મેઘમહેર,ગાજવીજ સાથે વરસાદથી રસ્તાઓ પર પાણી ફરી વળ્યા, આસપાસના ગામોમાં પણ વરસાદી માહોલ મહુવા તાલુકાના ભાદ્રોડ ગામમાં બપોર બાદ વાતાવરણમાં અચાનક પલટો આવ્યો. વાદળછાયા વાતાવરણ વચ્ચે ગાજવીજ સાથે જોરદાર વરસાદ તૂટી પડ્યો.


વરસાદના કારણે ગામની શેરીઓ અને બજાર વિસ્તારમાં પાણી વહેતા થયા.

નેશનલ હાઈવે નજીકના વિસ્તારોમાં પણ સારી માત્રામાં વરસાદ નોંધાયો છે.ભારે બફારા બાદ આવેલા વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે.

આસપાસના ગામોમાં પણ વરસાદી માહોલ જામ્યો છે. લાંબા વિરામ બાદ આવેલા આ વરસાદથી વિસ્તારમાં ખુશીનો માહોલ છવાયો છે.

અખંડ ભારત

# શ્રી હસ્તેશ્વર સ્કૂલ લીમખેડા ખાતે વડાપ્રધાનશ્રીના જન્મદિવસની થઈ ઉજવણી




હસમુખ પ્રજાપતી

દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ ના ૭૫ માં જન્મદિવસ ની ઉજવણી શ્રી હસ્તેશ્વર સ્કૂલ લીમખેડા ખાતે પૂર્વ કેન્દ્રીય મંત્રી અને દાહોદ લોકસભાના સાંસદ સભ્યશ્રીજશવંતસિંહજી ભાભોર સાહેબ ના અધ્યક્ષ સ્થાને લીમખેડા ના લોકલાડીલા ધારાસભ્ય શ્રી શૈલેષભાઈ ભાભોર સાહેબ દાહોદ જિલ્લા ભાજપના પ્રમુખ

શ્રી સ્નેહલભાઈ ધરીયા સાહેબ સંસ્થાના મંત્રી શ્રી ભરતભાઈ ભરવાડ સાહેબ ની ઉપસ્થિતિ માં શાળાના બાળકો દ્વારા વિશાળ વડાપ્રધાનશ્રી ની રંગોળી બનાવી " HAPPY BIRTHDAY MODI SIR ની માનવ આકૃતિ બનાવી વડાપ્રધાન શ્રી ના જન્મદિવસ ની ઉજવણી કરવામાં આવી હતી જેમાં લીમખેડા તાલુકા પંચાયત ના પ્રમુખ , તાલુકાપંચાયત ના સભ્યશ્રીઓ સહિત મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતાજશવંતસિંહ ભાભોર સાહેબ દ્વારા મોદી સાહેબે ભારત ને વિશ્વ માં ટોચ ના સ્થાને એક અલગ ઓળખ અપાવી છે એવા દેશના વડાપ્રધાન ના લાંબા દીર્ઘાયુ અને સ્વસ્થ , તંદુરસ્ત અને નિરોગી રહે તે માટે પ્રાર્થના કરવામાં આવી હતી. અખંડ ભારત

# દાહોદમાં સ્વચ્છતા પખવાડિયાની કરાઈ શરૂઆત



હસમુખ પ્રજાપતી

દાહોદ જિલ્લામાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે સાંસદશ્રી જશવંતસિંહ ભાભોરની ઉપસ્થિતિમાં સ્વચ્છતા હિ સેવા કાર્યક્રમ સ્ટેશન રોડ, જૈન નસિયા, દાહોદ ખાતે યોજવામાં આવ્યો હતો. આ દરમ્યાન સાંસદશ્રી જશવંતસિંહ ભાભોરએ સ્વચ્છતાના મહત્વ પર ભાર મૂકતાં જણાવ્યું હતું કે, આપણી આસપાસની જગ્યાઓને સફાઈ કરીને ચોખ્ખી રાખી સ્વચ્છ ભારત અભિયાનમાં સૌએ સહભાગી થવાનું છે. દાહોદનો તમામ નાગરિક આ અભિયાનમાં જોડાઈ આપણા દાહોદને સ્વચ્છ રાખવા પહેલ કરે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ શરૂ થયેલું ‘સ્વચ્છ ભારત અભિયાન’ આજે એક રાષ્ટ્રવ્યાપી જનઆંદોલન બની ગયું છે. વધુમાં એમણે ઉમેર્યું હતું કે, રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી સ્વચ્છતાના આગ્રહી હતા. દરેક લોકોએ પોતાની આસપાસનો વિસ્તાર અથવા કોઈપણ જાહેર સ્થળની સ્વચ્છતા જાળવણીમાં યોગદાન આપવું જોઈએ. સ્વચ્છતાને દૈનિક જીવનનો ભાગ બનાવવા અને લોકોને સ્વચ્છતા જાળવવા માટે પણ અપીલ કરી હતી.તેમણે કહ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ એકમાત્ર દાહોદ નગર પાલિકાને સ્માર્ટ સીટી હેઠળ પસંદગી કરી છે, નવીન પ્રોજેક્ટ્સ સાથે દાહોદમાં આજે ઘણા મોટા પ્રોજેક્ટ્સ બની રહ્યા છે, સાથે અનેકવિધ યોજનાઓ છેવાડાના માનવી સુધી પહોંચતી કરી છે. જે નરેન્દ્રભાઈ મોદીના કારણે શક્ય બન્યું છે. જેથી દાહોદ નગર વડાપ્રધાનશ્રીનું આભારી છે.આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી કરણસિંહ ડામોર, દાહોદ ધારાસભ્યશ્રી કનૈયાલાલ કિશોરી, જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી સ્નેહલ ધરીયા, નગર પાલિકા પ્રમુખશ્રી નીરજ દેસાઈ સહિત અન્ય પદાધિકારીશ્રીઓ તેમજ મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

અખંડ ભારત

# સિંગવડ ખાતે “સ્વસ્થ નારી – સશક્ત પરિવાર” જાગૃતિ કાર્યક્રમ યોજાયો



કમલેશભાઈ પટેલ

આજરોજ દાહોદ જિલ્લાના સિંગવડ તાલુકાની મોડર્ન સ્કૂલ ખાતે “સ્વસ્થ નારી – સશક્ત પરિવાર પખવાડિયા” અંતર્ગત આરોગ્ય જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો.આ પ્રસંગે દાહોદ જિલ્લા આરોગ્ય સમિતિની અધ્યક્ષા શ્રીમતી દક્ષાબેન પરમાર, તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. મુનિયા સાહેબ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર છાપરવડના ડૉ. હિતેશ પટેલ, આરબીએસકે ટીમ તથા પીએચસી સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમ દરમિયાન મહિલાઓ તથા વિદ્યાર્થીઓને એન્ડોલેશન (રોગ જાગૃતિ અને નિવારણ) અંગે સમજ આપવામાં આવી. સાથે સાથે આરોગ્ય તપાસ, પૌષ્ટિક આહાર અંગે માર્ગદર્શન તથા કિશોરીઓ માટે આરોગ્ય સંબંધી વિશેષ સૂચનો આપવામાં આવ્યા.આ અવસરે દક્ષાબેન પરમારે જણાવ્યું કે, “નારી સ્વસ્થ હશે તો પરિવાર મજબૂત બનશે અને સમાજનો વિકાસ થશે.” તેમજ તબીબી અધિકારીઓએ નિયમિત ચકાસણી, પોષણ અને સ્વચ્છ જીવનશૈલીના મહત્વ પર ભાર મૂક્યો.આ કાર્યક્રમને વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા ગ્રામજનોનો ઉત્તમ પ્રતિસાદ મળ્યો હતો અને અંતે આભારવિધિ સાથે કાર્યક્રમ પૂર્ણ થયો. અખંડ ભારત

# સી.કે સરસ્વતી વિદ્યાલયની વિદ્યાર્થિનીઓએ ઈડર પોલીસ સ્ટેશનની મુલાકાતે



વિક્રમસિંહ રહેવર

સાબરકાંઠા ના ઈડર પોલીસ સ્ટેશન માતારીખ ૧૬ ૯ ૨૦૨૫ ને મંગળવારના રોજ શેઠ સી કે સરસ્વતી મંદિર ઈડર ની ધોરણ ૯ અને ૧૧ ની વિદ્યાર્થીનીઓને શૈક્ષણિક મુલાકાત હેઠળ ઈડર પોલીસ સ્ટેશનની મુલાકાત કરાવવામાં આવી જ્યાં ઈડર પોલીસ સ્ટેશનના પીઆઈ શ્રી સી.જી. રાઠોડ સાહેબે દીકરીઓને પોલીસ સ્ટેશનની કામગીરી વિશે માહિતી આપી તેમજ જરૂરી સલાહ આપી આ ઉપરાંત SHE ટીમમાં કામગીરી કરતા આશાબેનને સમગ્ર પોલીસ સ્ટેશનનું નિદર્શન કરાવીને કામગીરી સમજાવી તેમજ પુષ્પાબેનને પણ સાયબર ક્રાઈમ થી બચવા માટેની સાવચેતી અને સલાહ આપી.

હથિયારી પોલીસ હાર્દિકભાઈએ વિદ્યાર્થીનીઓને હથિયાર વિશે માહિતી આપી.સમગ્ર મુલાકાતને અંતે શાળાના શિક્ષકોએ પોલીસ સ્ટેશનના કર્મચારીઓનો શાળા પરિવાર વતી આભાર વ્યક્ત કર્યો. આ ઈડર પોલીસ સ્ટેશનની શૈક્ષણિક મુલાકાત ના આયોજનને શાળાના આચાર્ય બેન શ્રી ડૉ જે એસ કુંપાવતે બિરદાવી હતી. અખંડ ભારત

# પીપળીયા સ્વામિનારાયણ મંદિરે ભારતના લોકલાડીલા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના ૭૫મા જન્મદિવસ ઉજવાયો



કલ્પેશભાઈ પટેલ

આજરોજ દાહોદ જિલ્લાના સીંગવડ તાલુકાના પીપળીયા સ્વામિનારાયણ મંદિરે ભારતના લોકલાડીલા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના ૭૫મા જન્મદિવસ નિમિત્તે વિશેષ કાર્યક્રમ યોજાયો હતો.આ પ્રસંગે સાંસદશ્રી જશવંતસિંહ ભાભોર તથા ધારાસભ્યશ્રી શૈલેષભાઈ ભાભોર ઉપસ્થિત રહ્યા હતા. તેમણે મંદિરના મહંતશ્રી અને સંતમંડળની હાજરીમાં પૂજા-આરતી કરી તથા વડાપ્રધાનશ્રીના દીર્ઘ આયુષ્ય અને સુખાકારી માટે પ્રાર્થના કરી.આ અવસરે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ, ગ્રામજનો અને ભક્તો ઉમંગભેર જોડાયા હતા. પૂજા-અર્ચના બાદ ભજન-કીર્તન તથા પ્રસાદ વિતરણ કરવામાં આવ્યું હતું.કાર્યક્રમ દરમિયાન સાંસદશ્રીએ જણાવ્યું કે વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીજીના નેતૃત્વથી ભારત આત્મનિર્ભર અને વિકાસના નવા શિખરો સર કરી રહ્યું છે. ધારાસભ્યશ્રીએ પણ વડાપ્રધાનશ્રીને સમગ્ર વિશ્વ માટે પ્રેરણાસ્ત્રોત ગણાવી સૌને સેવા અને સમર્પણના મૂલ્યો અપનાવવાની અપીલ કરી.

અખંડ ભારત

# વંથલી શહેરમા સ્વચ્છતા હી સેવા કાર્યક્રમ યોજાયો



જાની મેહુલભાઈ - વિશ્વના સર્વાધિક લોકપ્રિય નેતા, વિકાસ પુરુષ, સ્વચ્છતાગ્રહી, ગુજરાતના પનોતા પુત્ર માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના જન્મદિવસ નિમિત્તે વંથલી શહેર ભાજપ પરિવાર દ્વારા વંથલી નગરપાલિકાના સહયોગથી સેવા પખવાડિયા અંતર્ગત સ્વચ્છોત્સવનું આયોજન કરેલ. આજના ત્રિવિધ કાર્યક્રમમાં આરોગ્ય વિભાગની ટીમ દ્વારા શાળાના બાળકોને ૧૦૮ માં આપવામાં આવતી સારવાર બાબતે માહિતી આપી હતી.અખંડ ભારત

# સરસવ ગામમાં મોદીનો જન્મ દિવસ ઉજવાયો



*દિલીપ પટેલિયા - આજરોજ દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાહેબના જન્મદિવસ નિમિતે સાબરકાંઠા જિલ્લામાં વિજયનગર તાલુકામાં સરસવ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ફ્રૂટ અને બિસ્કિટ વિતરણ કરવામાં આવ્યુ...અખંડ ભારત*

# નરેન્દ્રભાઈ મોદીના ૭૫માં જન્મ દિવસની ઉજવણી

પ્રતીક પ્રજાપતિ- ભરૂચ જિલ્લાના નેત્રંગ ખાતે વિશ્વના સર્વાધિક લોકપ્રિય રાજનેતા, વિકસિત ભારતના સ્વપ્નદ્રષ્ટા, ભારતના યશસ્વી વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઈ મોદીજીના ૭૫માં જન્મદિવસની ઉજવણી ગાંધી બજાર ખાતે આવેલ નંદ ઘર ખાતે કરવાના આવી. ભૂલકાઓ સાથે કેક કટ કરી ચોકલેટ અને બિસ્કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે નેત્રંગ તાલુકા ભાજપ ઉપપ્રમુખ સ્નેહલકુમાર પટેલ, નરેન્દ્ર મોદી વિચાર મંચના ગુજરાત પ્રદેશ મંત્રી બ્રિજેશકુમાર પટેલ, નેત્રંગ ગ્રામ પંચાયતના માજી સરપંચ બાલુભાઈ વસાવા, પ્રકાશભાઈ વસાવા, રણછોડ વસાવા, અમેઝિંગ નેત્રંગ સોશિયલ મીડિયાની ટીમ આંગણવાડીના બાળકો ઉપસ્થિત રહી મોદીજીના ૭૫માં જન્મ દિવસની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી.અખંડ ભારત

# મુનિ રાજનાં આશીર્વચન મેળવતા વિદ્યાર્થી ઓ અને શિક્ષક મિત્રો



પ્રિયંકા પ્રજાપતિ

મુનિરાજ શ્રી તિર્થહીર વિજયજી મહારાજ સાહેબ દ્વારા શ્રી સરસ્વતી વિદ્યામંદિર મુન્દ્રા ના બાળકો ને વિધાર્થી જીવન ના પાઠ ભણાવવામાં આવ્યા.સાથે સાથે વિદ્યાર્થીઓ ની જીવન શૈલી કેવી હોવી જોઈએ તેના વિશે માહિતી સાભાર પ્રવચન આપીને વિદ્યાર્થીઓને જીવન માં આગળ વધવા માટેની સાચી રાહ નું નિર્દેશન કર્યું, સાથે વિશ્વ કલ્યાણ મંત્રનું બાળકો દ્વારા ઉચ્ચારણ કરાવી સૌ ને ધન્ય કર્યા અને મંત્ર નું મહત્વ અને શક્તિ નો પરિચય આપી વિદ્યાર્થીઓ અને શિક્ષકો ને પ્રસાદી રૂપે આપ્યા અને આજના નવયુવાનોમાં જોવા મળતા પડકાર રૂપ પ્રશ્નોનું નિરાકરણ અને માર્ગદર્શન પૂરું પાડ્યું. ટ્રસ્ટી શ્રી પ્રકાશ ભાઈ પાટીદાર એ વિશેષ હાજરી આપી ને પ્રાસંગિક સંબોધન આપ્યું હતું, અને બૌદ્ધિક વિચારોનાં રસપાન માં મંત્રમુગ્ધ થઈ ગયા હતા. પ્રધાન આચાર્ય બેન શ્રી ધર્મિષ્ઠા બેને જણાવ્યું હતું કે મુનિરાજ પધારવાથી સંકુલની પાવનતામાં વધારો થયો છે અને અમારા આચાર્ય અને વિદ્યાર્થીઓ તેમના આશીર્વાદ મળવાથી અમે ધન્યતા અનુભવી એ છીએ..અખંડ ભારત

# વસઈ સરપંચ ઉપર હુમલો



ભરતસિંહ ચાવડા - મહેસાણાના વસઈ ગામના સરપંચ ઉપર પરમાર રાજુભાઈ વરૂભાઈએ પ્લોટ ફાળવણીના મામલામાં ઉશ્કેરાઈ જઈને વસઈ ગામના સરપંચ શ્રી કડિયા ભરતભાઈ જેઠાલાલ ઉપર હુમલો કર્યો હતો વસઈ પોલીસ દ્વારા આ મામલે વધુ તપાસ હાથ ધરી છે. -અખંડ ભારત

## જાહેર નોટીસ

**જે.સી.પરમાર મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, ભાભરની કોર્ટમાં**

જન્મ/મરણ/નોંધણી/એસ.આર.નં.૧૨૫/૨૦૨૫

અરજદાર:- ઠાકોર હજુરજી તરસંગજી રહે:-મેરા, તા.ભાભર
વિરૂદ્ધ
સામાવાળા:-જન્મ-મરણ નોંધણીઅધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી,
મેરાતા ભાભર
વિષય - જન્મ/મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ ૧૩(૩) મુજબ
જન્મ નોંધણી કરવા બાબત.

આથી લાગતા વળગતા હિત ધરાવતા તમામ ઈસમોને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ઉપરોક્ત અરજદાર નામે ઠાકોર હજુરજી તરસંગજી રહે મેરા, તા.ભાભરનાઓએ પોતાના ભત્રીજા નામે ઠાકોર વિપુલભાઈ ભુદરજીનો જન્મ તા.૦૧/૦૬/૨૦૦૬ના રોજ મુ.મેરા,તા.ભાભર જી.બનાસકાંઠા મુકામે થયેલ હતો. તેવું અમારી સમક્ષ જાહેર કરી જન્મની નોંધ સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરે કરવાની રહી ગયેલ હોઈ સામાવાળાના રજીસ્ટરે જન્મની નોંધણી કરાવવા સારૂ અત્રેની કોર્ટમાં અપીલ દાખલ કરેલ છે.વાસ્તે સદરહું અરજદારની અરજી સામે જે કોઇ લાગતા વળગતા ઈસમોને વાંધો-તકરાર હોય તો તેમણે આ કોર્ટની સમક્ષ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ સુધીમાં લેખિતમાં પોતાના વાંધા-તકરાર રજુ કરવા જો તેમ કરવામાં કસૂર કરશે તો આ કોર્ટ સદર અપીલ અંગે કાયદેસરની આગળની કાર્યવાહી હાથ ધરશે જેની નોંધ લેશો.

આજ રોજ તા. ૯૫/૦૯/૨૦૨૫ના રોજ નોટીસ પ્રસિધ્ધ કરી.

કોર્ટનો સિક્કો

(જે.સી.પરમાર)
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ભાભર

# મહુડી જૈન મંદિર ખાતે સ્વચ્છતા અભિયાન કાર્યક્રમ યોજાયો.



દિપક કુમાર પટેલ - માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજીના જન્મ દિવસ નિમિત્તે સેવા પખવાડિયા અંતર્ગત સ્વચ્છતા અભિયાન કાર્યક્રમ. આજ રોજ ભારતીય જનતા પાર્ટી માણસા તાલુકા સંગઠન દ્વારા સેવા પખવાડિયા કાર્યક્રમ અંતર્ગત માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજીના જન્મદિવસ નિમિત્તે મહુડી ખાતે મહુડી જૈન મંદિર સ્વચ્છતા અભિયાન કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમમાં તાલુકા સંગઠન,પદાધિકારીઓ,મંદિર ટ્રસ્ટ,સફાઈ કામદારો, જિલ્લા પંચાયત/તાલુકા પંચાયત સદસ્યો,સામાજિક તથા સહકારી આગેવાનો, મોરચાના પદાધિકારીઓ, ગામના સરપંચ તથા પંચાયત સભ્યો,મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા.અખંડ ભારત

## પ્રકૃતિમિત્ર જાગૃતતા એવોર્ડ થી સન્માનિત કરાયા



વણકર વિનુબેન -શ્રી ગાયત્રી તીર્થ અંબાજી ખાતે કિશનચંદ ટેકચંદ પરિવાર અને પ્રકૃતિ મિત્ર ગુજરાત અને આર.એચ. મહેતા વિદ્યાલય માંકડી ના ઉપક્રમે અંબાજી ખાતે પ્રકૃતિ પ્રેમીઓનું સન્માન કરવામાં આવ્યુ. જેમાં મહિસાગર જિલ્લામાંથી વીરપુર તાલુકાના પાટિયાના મુવાડા પ્રાથમિક શાળાના શિક્ષક શ્રી કનુભાઈ ગોવિંદભાઈ વણકરનો પ્રકૃતિ મિત્ર એવોર્ડ થી સન્માન કરવામાં આવ્યું હતું.-અખંડ ભારત

## છત્તીસગઢના શિક્ષણમંત્રીએ લીધી મુલાકાત



ઠાકોર જશૂજી - છત્તીસગઢ રાજ્યના રાજ્યના શિક્ષણ મંત્રીશ્રી અને તેમની ટીમ એ ગુજરાતની સરકારી પુન્દ્રાસણ પ્રા શાળાની મુલાકાત લઈ બંને રાજ્યો વચ્ચે શિક્ષણના ક્ષેત્રમાં જ્ઞાન અને અનુભવોના આદાનપ્રદાન માટે એક મહત્વપૂર્ણ પગલું તેમને ગણાવ્યું હતું.-અખંડ ભારત

## જંબુસરમાં રક્તદાન કેમ્પ યોજાયો



ગંભીરસિંહ મકવાણા જંબુસર, ચતારીખૃ – વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસની પૂર્વ ઉજવણી નિમિત્તે, જંબુસર ખાતે 'નમો કે નામ' અભિયાન હેઠળ એક ભવ્ય રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું આયોજન ગુજરાત રાજ્ય સંયુક્ત કર્મચારી મહામંડળ, ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ દ્વારા સંયુક્ત રીતે એચ.એસ. શાહ હાઈસ્કુલ ખાતે કરાયું હતુંઆ મહા રક્તદાન કેમ્પમાં કુલ ૩૫૭ રક્તદાતાઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું, જેમાંથી મોટી સંખ્યામાં લોકોએ ઉત્સાહપૂર્વક રક્તદાન કર્યું હતું. આ શિબિર યુનિટી બ્લડ સેન્ટરના સહયોગથી યોજાઈ હતી. જેમાં આરોગ્ય સ્ટાફ, શિક્ષકો, એસ.ટી. કર્મચારીઓ, સહિતના સરકારી કર્મચારીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.આ રક્તદાન શિબિરમાં કુલ ૧૧૧ લોકોએ સફળતાપૂર્વક રક્તદાન કર્યું હતું. -અખંડ ભારત

## મુંડેટી ગામે સંસ્કૃત મહા વિદ્યાલયમાં સવા લાખ મહામૃત્યુંજય જાપનો પવિત્ર આરંભ



સંજીવકુમાર શર્મા - વિશ્વસ્તર પર ભારતને ગૌરવ અપાવનાર, વિકસિત ભારતના શિલ્પકાર તથા સનાતન સંસ્કૃતિના સંવાહક એવા દેશના યશસ્વી વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના જન્મદિન નિમિત્તે તેમના દીર્ઘાયુ જીવન માટે સંસ્કૃત મહા વિદ્યાલય, મૂડેટી ખાતે આજથી સવા લાખ "મહામૃત્યુંજય જાપ"ની ભવ્ય આરંભ કરાયો હતો.-અખંડ ભારત

## પરીશ્રમ વિદ્યાલય જુના તખતપુર ખસેડાઈ




મહેશ પટેલ- માલપુર તાલુકાની પરિશ્રમ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત પરિશ્રમ વિદ્યાલય માલપુર જુના તખતપુર તા .માલપુર ખાતે ખસેડવામાં આવી છે.જેની સર્વે જિલ્લાવાસીઓ નોધ લેવા ટ્રસ્ટ દ્વારા અખબારી યાદીમાં જણાવાયું છે.

-અખંડ ભારત

## છાપરવડામાં સમૂહ આરતી યોજાઈ



પટેલ સાધનાબેન - દાહોદ જિલ્લાના સિંગવડ તાલુકાના છાપરવડ ગામે ભારતના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે બજરંગબલી મંદિરે વિશેષ આરતીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે ગામના આગેવાનો નાનસીગભાઈ, અરવિંદભાઈ, મનોજભાઈ, બળવતભાઈ, ભુપતભાઈ તથા મોટી સંખ્યામાં ગામજનો અને આજુબાજુના વિસ્તારના ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.-અખંડ ભારત

## કલોલ કોલેજનો એક દિવસીય શૈક્ષણિક પ્રવાસ યોજાયો



રાણા રણજીત - શ્રી પ્રભાતગીરી હરિગીરી ગોસ્વામી મ્યુનિસિપલ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ,કલોલના અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા એક દિવસીય પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ૩૮ વિદ્યાર્થીઓ તથા ૦૬ અધ્યાપકોએ તા.૧૦/૦૯/૨૦૨૫ના રોજ ત્રિમંદિર,અડાલજની વાવ, ચેહરધામ-અડાલજ અને ઈન્દ્રોડા ઉધાન-ગાંધીનગર મૂલાકાત લીધી. વિદ્યાર્થીઓએ દરેક પ્રવાસન સ્થળ, તેનું મહત્વ અને રાજયના વિકાસમાં તેની ભાગીદારી વગેરે બાબતોની પ્રત્યક્ષ મૂલાકાત મેળવી સમજ કેળવી. ટહુકાની ચેહર, ચેહરધામ-અડાલજના સેવક અને અર્થશાસ્ત્રના વિધ્યાર્થી શ્રી ચીરાગભાઈ જોશી જમણવારનું આયોજન કરતાં બધા વિદ્યાર્થીઓએ સમૂહ ભોજન લઈને પ્રવાસનું સમાપન કર્યું હતું.-અખંડ ભારત

## ગંગેશ્વર મહાદેવના મંદિરે હવન યોજાયું



મફાજી મકવાણા - આજે આપણા સૌના લોકપ્રિય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી સાહેબના જન્મ દિવસ ના ભારતીય જનતા પાર્ટીના બનાસકાંઠાના ભાભર તાલુકા સંગઠનના પ્રમુખ શ્રી મહામંત્રી શ્રી ને હોદ્દેદારોશ આગેવાનો દ્વારા ગંગેશ્વર મહાદેવના મંદિરે હવન કરવામાં આવ્યું. અખંડ ભારત

## સવપુરા પ્રાથમિક શાળામાં તિથિભોજન અપાયું



દિનેશ આસલ સવપુરા પ્રાથમિક શાળામાં તા. ૧૭/૯/૨૦૨૫ ના રોજ તિથિભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તિથિભોજન શાળાના શિક્ષિકા જાગૃતિબેન પટેલ દ્વારા આપવામાં આવ્યું હતું. ભોજનમાં દૂધપાક, પુરી અને શાકની વ્યવસ્થા કરવામાં આવી હતી. બાળકો આનંદપૂર્વક ભોજનનો લાભ લીધો. શાળાના શિક્ષકમંડળે જાગૃતિબેનનો આભાર વ્યક્ત કર્યો અને આવા ઉત્તમ કાર્ય માટે પ્રશંસા વ્યક્ત કરી.અખંડ ભારત

## મેગા રક્તદાન ડ્રાઈવ – રક્તદાન અમૃત મહોત્સવ



શાહ ચિરાગ- આરોગ્ય મંત્રાલયના માર્ગદર્શન હેઠળ તથા દૈનિક પ્રાયોજક AOM ગ્રુપના સહયોગથી વડોદરામાં ભવ્ય રક્તદાન મહાઅભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ અભિયાન પૂજ્ય પિતા સ્વ. શ્રીમાન ચંદનમલજી શ્રીમાલની ૩૪મી પુણ્યતિથિ નિમિત્તો તેમની સ્મૃતિમાં D. જી. જ્વેલર્સ પ્રા. લિ. અને મંગલમ જ્વેલર્સ એન્ડ ફેમિલીના વિશેષ સહયોગથી યોજાઈ હતું

આ પ્રસંગે પ.પૂ. આચાર્ય શ્રી મહાશ્રમણજીના આશીર્વચનોથી કાર્યક્રમને ધાર્મિક પ્રેરણા મળી. આ અભિયાન સંગઠનની સંસ્કારી પ્રવૃત્તિઓનો ઉત્તમ ઉદાહરણ છે.તારીખઃ ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૫ સમયઃ સવારે ૯:૦૦ થી સાંજ ૫:૦૦ સુધી સ્થળ: સયાજી સ્કૂલ, ઘડિયાળી પોલ, વડોદરા ખાતે રકતદાન થયું હતું. આ આયોજન અખિલ ભારતીય તેરાપંથ વિદ્યાર્થી પરિષદ તથા યુનિવર્સિટી પરિષદ, વડોદરા દ્વારા કરવામાં આવી હતું. અખંડ ભારત

## જુનાપની ગામે મમતા દિવસની થઈ ઉજવણી



રેમાલ એન ડામોર- આજ રોજ દાહોદ જિલ્લામાં જુનાપણી ગામમાં મેડિકલ ઓફીસર મમતા દિવસની મુલાકતે આવેલાં હતાં. ગામના લોકોને તમામ રોગો ની જાણકારી આપી હતી. અખંડ ભારત

## લીંભોઇ થી મોટીમોયડી રોડ પર ઝાડી ઝાંખરા નું સામ્રાજ્ય



મહેશ ધમલાત - અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના ગામ લીંભોઇ થી મોટીમોયડી તરફથી જતા રોડ પર આવેલા ઝાડી ઝાંખરા નું સામ્રાજ્ય ફેલાતા માર્ગ ઉપર થી પસાર થતા વાહન ચાલકોને ભયાજનક નડતરરૂપ ઝાડી ઝાંખરા નું સામ્રાજ્ય ફેલાતા માર્ગ ઉપર થી પસાર ગ્રામ પંચાયત દ્વારા દૂર કરવામાં આવે તેવી વાહન ચાલકોની અને જો અકસ્માત સર્જાય તો જવાબદારી કોની તેથી ગ્રામ વાસીઓની આ રસ્તો ખુલ્લો કરી આપવાની સ્થાનિકોની માંગ હતી.. અખંડ ભારત

## પી.એસ.સી.સેન્ટર, સે.૨૪, ગાંધીનગર ખાતે "કેન્સર નિદાન કેમ્પ" યોજાયો



સોની કિરણ -જાયન્ટ્સ વેલ્ફેર ફાઉન્ડેશન પરિવાર ગાંધીનગર, જી. સી. આર. આઈ, અ'વાદ તથા મ.ન.પા.ગાંધીનગર ના સંયુક્ત ઉપક્રમે પી.એસ.સી.સેન્ટર, સે.૨૪, ગાંધીનગર ખાતે "કેન્સર નિદાન કેમ્પ" માં ૧૧૬ જેટલી મહિલાઓ તથા ૧૪ જેટલા ભાઈઓ મળી કુલ ૧૩૦ જેટલા શહેરીજનોનું કેન્સર પરીક્ષણ કરવામાં આવેલ ઉપરોક્ત કાર્યક્રમમાં ગાંધીનગર શહેરના મેયર મીરાબેન પટેલ તથા સેન્ટ્રલ કમિટી મેમ્બર શ્રી રસિકભાઈ સુથાર સ્પેશિયલ કમિટી મેમ્બર શ્રી બાબુભાઈ પટેલ ફેડરેશન પ્રેસિડેન્ટ શ્રી કિરણભાઈ સોની કોઓર્ડીનેટર શ્રી શાંકાભાઈ પટેલ ઉપપ્રમુખ ગાયત્રીબેન પટેલ બધા જ ગ્રુપો ના પ્રમુખ મંત્રી શ્રી હાજર રહેલ.. અખંડ ભારત

## રૂગનાથપુરા ગામની સીમમાં થી ૬,૯૧ લાખનો ઈંગ્લિશ દારૂ ઝડપાયો






ત્રિલોક પંડ્યા - મોડાસા રૂરલ પો.સ્ટે વિસતારમાં લીંભોઈથી કિશોરપુરા ચોકડી તરફના રોડે પેટ્રોલીંગમાં હતા દરમ્યાન મોજે બાયલ ઢાકરોલ ગામના પાટીયેથી આગળ જતાં એક સીલ્વર કલરની કિયા સેલટોસ ગાડી ની ક્રોસ કરી પુરઝડપે આગળ નીકળતાં સદરી ગાડી શંકાસ્પદ લાગતાં સદરી ગાડીનો પીછો ચાલુ રાખતા ગાડી ના ચાલક પોતાની ગાડી પુરઝડપે કિશોરપુરા,ચોકડી શીણોલ, શીકા ચોકડી, ધનસુરા,અલવા ટોલબુથ, બાયડ આંબલીયારા રોડ ઉપર ભગાડેલ જેથી આંબલીયારા પોલીસ ધ્વારા આંબલીયારા સ્ટેન્ડ નજીક બ્લોકીગ કરાવતા ગાડીના ચાલકે ગાડી પાછીવાળી જીતપુર ગામ માં થઈ રૂગનાથપુરા ગામની સીમ તરફ જતાં ગાડીના ચાલકે પોતાની ગાડી રૂગનાથપુરા ગામની સીમમાં રોડની જમણી બાજુ આવેલ એક ખેતરમાં ઉતારી દીધેલ અને ગાડીનો ચાલક તથા તેની બાજુમાં બેઠેલ ઈસમ બન્ને ગાડી મુકી ભાગવા જતાં પકડી પાડી ગાડીના ચાલક અયાન અહેમદ ફારૂક અહેમદ કાદરી ઉ.વ.૨૨ રહે.મજીદની ચાલી સંગીતા ફર્નીચરની પાછળ નરોડા પાટીયા અમદાવાદ તથા સાથેના ગોવિદ ભીમાજી ઠાકોર ઉ.વ.૩૪ રહે મફતનગર દેવી સીનેમાની સામે નરોડા બેઠક નરોડા અમદાવાદ નાઓ બન્ને જણાએ ભેગા મળી ગાડીમાં ભારતીય બનાવટની વિદેશી દારૂ તથા બીયરની પેટીઓનંગ-૪૫ જેમાં બોટલો/ ટીનનં ૧૯૪૪ તથા છુટા બોટલ/ટીન નંગ-૨૯૪ મળી કુલ બોટલો/ટીનનંગ-૨૨૩૮ કિ.રૂ.૬,૯૧,૯૪૫/-તથા મોબાઈલ નંગ-૨ કિ.રૂ.૧૦,૦૦૦/-તથા કિયા ગાડીની કિ.રૂ.૧૦,૦૦,૦૦૦/- સાથે કુલ કિ.રૂ. ૧૭,૦૧,૯૪૫/ -ના મુદામાલ સાથે પકડી પાડી પ્રોહી મુદ્દામાલ કબ્જે કરી આંબલીયારા પો.સ્ટે માં પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુન્હો રજીસ્ટર કરવામાં આવેલ છે.- અખંડ બારત

## આનંદપુરા પ્રા. શાળામાં શૈક્ષણિક કીટ વિતરણ કરાઈ



વિહોલ માયાબેન - વિજાપુર તાલુકાના આનંદપુરા પ્રા.શાળામાં માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ ના જન્મ દિવસ નિમિત્તે વિજાપુર તાલુકાના ધારાસભ્ય ડૉ.સી.જે. ચાવડા સાહેબ દ્વારા ધોરણ ૧ થી ૫ ના તમામ બાળકોને શૈક્ષણિક કીટ આપવામાં આવી હતી.- અખંડ ભારત

## જેઠોલી મહાદેવ મંદિર ખાતે પૂજા તેમજ જળાભિષેક કરાયો



અબ્બાસી અબ્દુલકાદર - વૈશ્વિક મંચ પર ભારતને શક્તિશાળી, ગૌરવશાળી અને આત્મનિર્ભર બનાવનાર, ગુજરાતના સપૂત અને વિશ્વના સૌથી લોકપ્રિય નેતા, યશસ્વી પ્રધાનમંત્રી શ્રીના જન્મ દિવસ નિમિત્તે તેમને દીર્ઘઆયુષ્ય માટે જેઠોલી મહાદેવ મંદિર ખાતે પૂજા તેમજ જળાભિષેક અને પ્રાર્થના કરી અને સ્વચ્છતા અભિયાન કરવામાં આવ્યુ આ પ્રસંગે ધારાસભ્ય શ્રી તેમજ વડોદરા ના સંગઠન પ્રભારી રાજેશભાઈ પાઠક તેમજ મહિસાગર જીલ્લા પાર્ટી પ્રમુખ દશરથસિહ તેમજ ભારતીય જનતા પાર્ટી ના કાર્યકરો ઉપસ્થિત રહી સાફ સફાઈ અભિયાન તેમજ વૃક્ષારોપણ કરી જન્મ દિવસ ની ઉજવણી કરી હતી. અખંડ ભારત

## સોનાસણ શાળામાં ગણિત વિજ્ઞાન અને પર્યાવરણ પ્રદર્શન યોજાયું



તેજલબેન ચૌહાણ - સોનાસણ જુથ શાળામાં સી.આર.સી કક્ષાનું ગણિત વિજ્ઞાન અને પર્યાવરણ પ્રદર્શન યોજાયું જેમાં મુખ્ય વિષય વિકસિત અને આત્મા નિર્ભર ભારત માટે સ્ટેમ અંતર્ગત પાંચ પેટા વિષય માટે શાળાની સાત શાળાઓમાંથી કુલ ૧૮ કૃતિઓ સાથે ૩૬ બાળ વૈજ્ઞાનિકો તથા ૭ માર્ગદર્શક શિક્ષકો હાજર રહ્યા હતા જેમાં સોનાસણ હાઈસ્કુલમાંથી નિર્ણાયક તરીકે મુકેશભાઈ પટેલ આચાર્ય સોનાસણ હાઈસ્કુલ તથા યોગેશભાઈ પ્રજાપતિ અને દેવેન્દ્રભાઈ પટેલે ભૂમિકા ભજવી હતી અને બાળ વૈજ્ઞાનિકો દ્વારા તૈયાર કરવામાં આવેલ કૃતિઓનું મૂલ્યાંકન કર્યું હતું આ કાર્યક્રમમાં સીઆરસી સોનાસણ સોનાસણ પ્રા.શાળાના આચાર્યશ્રી તથા શાળાના વિજ્ઞાન શિક્ષક શ્રી એ ભારે જહેમત ઉઠાવી ગણિત વિજ્ઞાન અને પર્યાવરણ પ્રદર્શનને સફળ બનાવ્યું હતું. અખંડ ભારત

## કેળા નો ભાવ ન મળતાં બાગાયતી પાકમાં લાખોનું નુકસાન



કરણ વાઘ - ભાવનગર જિલ્લાના મહુવા નજીક એક ખેડૂતે કેળાના પાકને પૂરતો ભાવ ન મળતા ૧૮ વીઘા જમીનમાં ઉભો પાક ટ્રેક્ટર ફેરવીને નાશ કર્યો છે. આ ઘટના ખરેડ રોડ પર બની હતી, જ્યાં ખેડૂતે ૧૮ મહિનાની મહેનત બાદ આશરે ૧૫ લાખ રૂપિયાનું નુકસાન વેઠ્યું હોવાનું જણાવ્યું છે. .ખેડૂતના જણાવ્યા અનુસાર, એક વીઘા કેળાના પાક પાછળ આશરે ૬૦ હજાર રૂપિયાનો ખર્ચ થાય છે. બજારમાં કેળાના ભાવ તળિયે પહોંચી જતા અને પાણીના ભાવે ખરીદી થતી હોવાથી ખેડૂતને આર્થિક રીતે મોટો ફટકો પડ્યો છેકેળા જેવા બાગાયતી પાક માટે ખેડૂતો ૧૮ મહિના સુધી રાત-દિવસ મહેનત કરે છે અને સારા ભાવની આશા રાખે છે. જોકે, છેલ્લા એક મહિનાથી કેળાના બજાર ભાવ સતત નીચે જઈ રહ્યા છે, જેના કારણે ખેડૂતો હતાશ થઈ રહ્યા છે. અખંડ ભારત

## ખંભાળિયામાં ટાઉનહોલ ખાતે સાયબર સેફ્ટી અવેરનેસ સેમીનાર યોજાયો



આકાશ વિઠલાણી - ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગીકી વિભાગ અંતર્ગત સીક્યોરીટી ઓપરેશન્સ સેન્ટર અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા રાષ્ટ્રીય રક્ષા યુનીવર્સીટીના સહયોગથી યોજાયેલ આ અવેરનેસ સેમીનારમાં જિલ્લાના વિવિધ સરકારી કર્મચારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. સેમીનાર અંતર્ગત સાઈબર ક્રાઈમના વિવિધ પ્રકારો તેમજ તેનાથી રક્ષણ માટે જરૂરી તકેદારીના પગલાં અંગે એક્સપર્ટસ દ્વારા માહિતી આપવામાં આવી હતી. વધુમાં સાઈબર ક્રાઈમને લગતાં વિવિધ કાયદાઓ અને નિયમો અંગેની સમજ આપવામાં આવી હતી. સેમીનારમાં સાઈબર સિક્યોરીટી અંગેની પ્રાથમિક માહિતી, સાયબર અટેકનાં કારણો, વિવિધ ભયસ્થાનો, એટેકનાં પ્રકારો, તેનાથી બચવાની રીતો, સલામત ઈન્ટરનેટ બ્રાઊઝિંગ, ઈ- મેઈલ તેમજ પાસવર્ડ અને ડેટા સીક્યોરીટી, ડેટા પ્રાઈવસી, આઈ.ટી. એક્ટ તેમજ ડી.પી.ડી.પી એક્ટ જેવાં વિષયોને આવરી લેવામાં આવ્યાં હતાં.અખંડ ભારત

# પેટલાદમાં ઓવરબ્રિજ બનાવતા પહેલાં સર્વિસ રોડની માંગણી



મેહુલ પંચોલી -પેટલાદ ખાતે ઓવરબ્રિજની કામગીરી સર્વિસ રોડ બનાવ્યા બાદ કરવા માંગણી, પેટલાદ શહેરમાં સિવિલ હોસ્પિટલ નજીક ઓવરબ્રિજની કામગીરી તંત્ર દ્વારા ચાલુ કરવામાં આવી છે. આ વિસ્તારમાં સદર કામગીરીને લઈ ખોદકામ કરવામાં આવ્યું છે. આ વિસ્તારમાં દુકાનો તથા રહેણાંક વિસ્તાર આવેલા છે. આ વિસ્તારમાં કામગીરી પહેલા સવિસ રોડ ન બનાવતા હાલ લોકોને ખૂબજ મુશ્કેલી પડી રહી છે ત્યારે પહેલા સર્વિસ રોડ બનાવવામાં આવે ત્યાર બાદ આગળની કામગીરી કરવામાં આવે એવી સ્થાનિકોની માંગ છે. - અખંડ ભારત

# ધનસુરામાં નિદાન કેમ્પ યોજાયો



અર્પણ પટેલ - આયુર્વેદ શાખા અરવલ્લી તેમજ ધનસુરા ગ્રામ પંચાયત દ્વારા નિઃશુલ્ક આયુર્વેદ અને હોમિયોપેથી નિદાન સારવાર કેમ્પ નુ આયોજન કરવામાં આવ્યું હતુ. જિલ્લા આયુર્વેદ અધિકારી શ્રી વૈદ્ય જગદીશભાઈ ખરાડી ના માર્ગદર્શન માં તેમજ ધનસુરા ગ્રામ પંચાયત ના સહયોગથી ધનસુરા ખાતે નિઃશુલ્ક હોમિયોપેથિક અને આયુર્વેદ નિદાન સારવાર કેમ્પ યોજવામાં આવ્યો હતો.-અખંડ ભારત

# પ્રાંતિજમાં સફાઈ હાથ ધરાઈ



કુંવરસિંહ ચૌહાણ - પ્રાંતિજ શહેર ખાતે નેશનલ હાઈવે પર આવેલ આરોગ્ય કેન્દ્ર અને રેફરલ સિવિલ હોસ્પિટલ ખાતે સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત શ્રમદાન કરી સફાઈ કરવામાં આવી હતી.-અખંડ ભારત

# નસવાડીમાં બાઈક સવાર ખાડામાં પટકાતા ઈજા



ચિરાગ ગુપ્તા - છોટાઉદેપુર જિલ્લામાં નસવાડી પોલીસ સ્ટેશન પાસે મધ્ય ગુજરાત વિજ કંપનીના કેબલ નાખવાની પાઈપ લાઈન ને લઈ ખોદેલા ખાડામાં બાઈક સવાર અંદર પટકાતા હાથના ભાગે ઈજાનો ભોગ બનતા તબિબિ સારવાર લેવાની ફરજ પડી હતી.જેને લઈને સ્થાનિકોમાં આક્રોશ જોવા મળ્યો હતો.-અખંડ ભારત

# માતરમાં બોર્ડનો વિવાદ છંછેડાયો



મેહુલ પંચોલી - માતર ગામમાં આવેલા હુસૈનચોક માં વિવાદિત બોર્ડ મારવામાં આવ્યું બોડમાં લખવામાં આવ્યું કે નાની ભાગોળ હુસૈનીચોક માં દરગાહ મદરેસા તથા મસ્જિદ ની આસપાસ ગરબા રમવા કે વગાડવા ની સખત મનાઈ છે લિ.સુ.પંચ નાની ભાગોળ લખવામાં આવ્યું છે સમગ્ર ઘટના ની જાણ માતર પોલીસ ને થતા બોર્ડ હટાવવા આદેશ કરવામાં આવ્યો હતો. -અખંડ ભારત

# સંતરામપુર તાલુકામાં રવેડીનો મેળો ઝાકમઝોળ



સંજયભોઇ - મહિસાગર જિલ્લાના સંતરામપુર તાલુકામાં દર વર્ષની જેમ યોજાવનાર રવેડીનો મેળો આ વર્ષે પણ યોજાયો છે મેળામાં મજા માણવ લોકો અલગ અલગ ગામો માંથી ટોળે ટોળા ઉમટ્યા માનવ મહેરામણ થી આખુ સંતરામપુર ઉલ્લાસ અનુભવી રહ્યું છે. પોલીસ, ફાયર બ્રિગડ, ૧૦૮ એમબ્યુલેન્સ વગેરે ની ટીમ ખડે પગે તૈનાત છે. કોઈ જાન હાની ના થાય એ માટે તંત્રએ બધી સુવિધા કરી છે. લોકોને મેળામાં સાવચેતી રાખવા તંત્રએ અપીલ કરી છે. - અખંડ ભારત

# ધનસુરા ખાતે સફાઈ હાથ ધરાઈ



અર્પણ પટેલ -વડાપ્રધાન ના જન્મ દિવસ નિમિત્તે ધનસુરા ખાતે સ્વચ્છોત્સવ ૨૦૨૫ (સ્વચ્છતા હિ સેવા) પખવાડીયાની ઉજવણી અંતર્ગત સાફ -સફાઈ હાથ ધરાઈ હતી.-અખંડ ભારત

# ચૂડમેરમાં વરસાદી પાણીની નિકાલની માંગ

ભરતભાઈ વરણ

થરાદ તાલુકાના ચૂડમેર ગામમાં ખેડૂતો પાણી ભરાવાની સમસ્યાથી પરેશાન છે. ગામના ખેડૂત તેજાભાઇ વરણએ જણાવ્યું કે તેમનું ખેતર કેનાલની બાજુમાં આવેલ હોવાથી ખેતરમાં પાણી ભરાઈ ગયું છે. જેના કારણે પાકને નુકસાન થવાની ભીતિ ઊભી થઈ છે.ખેડૂતોની સ્પષ્ટ માંગ છે કે તંત્ર દ્વારા તાત્કાલિક પાણી નિકાલ કરવામાં આવે. જો યોગ્ય સમયે પાણી બહાર નહી કાઢવામાં આવે તો ખેડૂતોને ભારે આર્થિક નુકસાન વેઠવું પડશે.ગ્રામજનો તથા ખેડૂતવર્ગે સિંચાઈ વિભાગ અને તાલુકા તંત્રને આ મુદ્દે તાત્કાલિક કાર્યવાહી કરવાની અપીલ કરી રહ્યા છે.-અખંડ ભારત

# દંતોડમાં હવન યોજાયું



દિલીપકુમાર પટેલિયા
ભારતીય જનતા પાર્ટી

વિજયનગર કણાદર જિલ્લા પંચાયતમાં દંતોડ પંચમુખી મહાદેવ મંદિરે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના જન્મ દિવસે દંતોડ ખાતે હવન પૂજન કરી તેમના દીર્ઘાયુ માટે પ્રાર્થના કરવામાં આવી હતી.-અખંડ ભારત

# નર્મદા જિલ્લામાં સ્વચ્છતા હી સેવા પખવાડિયાની ઉજવણી



*જીતેન્દ્રસિંહ સોલંકી - નર્મદા જિલ્લામાં આજે તા.૧૭મી સપ્ટેમ્બર પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મ દિવસથી ૨જી ઓક્ટોબર સુધી "સ્વચ્છતા હી સેવા" પખવાડિયાની ઉજવણીના ભાગરૂપે રાજપીપલા બસ સ્ટેશન ખાતે સ્વચ્છતા ડ્રાઈવ યોજાઈ હતી. આ ખાસ પખવાડિયાના પ્રારંભે રાજપીપલા નગરપાલિકા દ્વારા સ્વચ્છતા કર્મીઓ, યુવાનો, એન.સી.સી.કેડેટ્સ, વિદ્યાર્થીઓ, વડિલોએ સ્વચ્છતા ડ્રાઈવમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈને બસ સ્ટેશન પરિસરની આસપાસ સાફ સફાઈ કરીને મુસાફરોને સ્વચ્છતા જાળવવાના સંદેશ સાથે અનુરોધ કર્યો હતો.-અખંડ ભારત*

# ઝાંપોદડ ખાતે સફાઈ હાથ ધરાઈ



જાની મેહુલભાઈ - વંથલી તાલુકાના ઝાંપોદડ ખાતે તાલુકા કક્ષા સ્વચ્છતા અભિયાનમા વંથલી ટીડીઓ સાહેબ સરપંચશ્રી.તલાટી મંત્રી તેમજ શિક્ષણગણ આગેવાનો તથા ગ્રામજનો અને બાળકો મોટી સંખ્યામાં સફાઈ અભિયાનમાં સહભાગી બની સફાઈ હાથ ધરી હતી.-અખંડ ભારત

# વિશ્વકર્મા જયંતિ ઉજવાઈ



રાહુલ તડવી

નર્મદા જિલ્લાના યુનિટી વિલેજ રિસોર્ટ ખાતે વિશ્વકર્મા જયંતી ઉજવણી અંતર્ગત સાધન તથા ઓજાર નું પૂજન કરવામાં આવ્યું હતું.-અખંડ ભારત

# વાંસદામાં રક્તદાન કેમ્પ યોજાયો



કુંજ પરમાર - વાંસદા કોટેજ હોસ્પિટલ ખાતે આયોજીત રક્તદાન શિબિરમાં સૌ રક્તદાતાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી રક્તદાન કરી કેમ્પને સફળ બનાવ્યો હતો.-અખંડ ભારત

# ભેસાણમાં રક્તદાન કેમ્પ યોજાયો



જનક ટીલાવત - વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી સાહેબના જન્મદિવસ નિમિત્તે ઓપરેશન સિંદૂર તેમજ નમો કે નામ રક્તદાન શિબિરનું આયોજન ભેસાણ તાલુકા શિક્ષણ સમિતિ શિક્ષણ અધિકારી કચેરી શિક્ષણ અધિકારી કચેરી બીઆરસી ભવન એસવીએસ કન્વીનર ના કર્મચારીઓ દ્વારા લેઉવા પટેલ સમાજ પરબ રોડ ભેસાણ ખાતે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવતા ૫૬૦૦૦ થી વધુ રક્તદાન કરી વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ ની સ્થાપના કરવાનું જે આયોજન કરવામાં આવેલું હતું .-અખંડ ભારત

# ધોળકામાં ૨૮૬૪ બોટલ રક્ત એકત્ર કરાયું



લીમ્બાચીયા શંભુભાઈ - ઓપરેશન સિંદૂરની સફળતાની ઉજવણી અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે ધોળકા ખાતે ભવ્ય સ્વૈચ્છિક મહા રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવતા આ રક્તદાન શિબિરમાં ૨૮૬૪ બોટલ રક્ત એકત્રિત કરી માનવતા માટે અનોખું યોગદાન આપવામાં આવ્યું હતું. -અખંડ ભારત

# સોમતપર ગામની સીમમાં દેશી દારૂની ભઠ્ઠી પકડાઈ



નનીરાજસિંહ પરમાર- સોમતપર ગામની સીમમાં રામાભાઇ જેરામભાઈની વાડી પાસે આવેલ ઓકળામાંથી દેશી દારૂ બનાવવાની ભઠ્ઠી, દેશી દારૂ, દેશી દારુ બનાવવાનો આથો એમ કી રૂ.૧,૧૪,૪૦૦/-નો પ્રોહીને લગતો મુદામાલ તેમજ મો.સા નંગ-૧ કી.રૂ.૧૫,૦૦૦/- તથા ઈલેક્ટ્રીક બ્લોવર કી રૂ-૧૦૦૦ એમ મળી કુલ રૂ-૧,૩૦,૪૦૦/- નો મુદામાલ કબ્જે કરી પ્રોહીબીશનનો ગુનોં નોધી આગળની કાર્યવાહી પોલીસે હાથ ધરી છે.-અખંડ ભારત

# ગાંધીનગર સેક્ટર - ૨૨માં ગરબા રમાયા



સુનિલ પટેલ- ગાંધીનગર સેક્ટર -૨૨ ખાતે ઈન્વિઝન સોફ્ટવેર સોલ્યુશન, દ્વારા ઈન્ટર્નશિપ કરતા વિદ્યાર્થીઓ માટે પ્રિ-નવરાત્રી નું આયોજન કરવામાં આવતા સૌ ગરબા રમી આનંદ માણ્યો હતો.-અખંડ ભારત

# ઝઘડીયામાં આવેદનપત્ર અપાયું



*મુનાફ શેખ - ઝગડીયા તાલુકાના પીપરીપાન, ખોડા આંબા તથા ઝાઝપોર ગામના ગ્રામજનો દ્વારા મેં. નાયબ કલેક્ટર સાહેબ, ઝગડીયાને એક સામૂહિક આવેદન પત્ર આપવામાં આવ્યું હતું. ગામજનોની મૂળભૂત જરૂરિયાતો તથા તાત્કાલિક ઉકેલ માંગતા મુદ્દાઓ અંગે વિગતવાર રજૂઆત કરવામાં આવી છે.-અખંડ ભારત*

# પ્રાંતિજ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



કુંવરસિંહ ચૌહાણ - સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ શહેર ખાતે આવેલ નેશનલ હાઈવે ની બાજુમાં આવેલ માર્કંડેશ્વર મહાદેવ મંદિર ખાતે આવેલ કંપાઉન્ડમાં વૃક્ષારોપણ કરી પ્રધાનમંત્રીના જન્મદિનની ઉજવણી કરાઈ હતી.-અખંડ ભારત

# નરેન્દ્રભાઈ મોદીના ૭૫માં જન્મ દિવસની ઉજવણી નંદ ઘરના ભૂલકાઓ સાથે કરવામાં આવી.



પ્રતીક પ્રજાપાતે

ભરૂચ જિલ્લાના નેત્રંગ ખાતે વિશ્વના સર્વાધિક લોકપ્રિય રાજનેતા, વિકસિત ભારતના સ્વપ્નદ્રષ્ટા, ભારતના યશસ્વી વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઈ મોદીજીના ૭૫માં જન્મદિવસની ઉજવણી ગાંધી બજાર ખાતે આવેલ નંદ ઘર ખાતે કરવાના આવી. ભૂલકાઓ સાથે કેક કટ કરી ચોકલેટ અને બિસ્કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે નેત્રંગ તાલુકા ભાજપ ઉપપ્રમુખ સ્નેહલકુમાર પટેલ, નરેન્દ્ર મોદી વિચાર મંચના ગુજરાત પ્રદેશ મંત્રી બ્રિજેશકુમાર પટેલ, નેત્રંગ ગ્રામ પંચાયતના માજી સરપંચ બાલુભાઈ વસાવા, પ્રકાશભાઈ વસાવા, રણછોડ વસાવા, અમેઝિંગ નેત્રંગ સોશિયલ મીડિયાની ટીમ આંગણવાડીના બાળકો ઉપસ્થિત રહી મોદીજીના ૭૫માં જન્મ દિવસની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી.

અખંડ ભારત

# ઉભડા પ્રા. શાળામાં વૃક્ષારોપણ કરાયું



કલ્પેશ પટેલ - નાના ઊભડા પ્રાથમિક શાળા માં સરકારશ્રી દ્વારા જાહેર કરેલ સ્વસ્થતા પખવાડિયા અને વૃક્ષારોપણ કાર્યક્રમ અંતર્ગત બાળકોને પોતાના જીવનમાં સ્વાસ્થને સ્થાન આપવા શપથ લેવડાવી શાળામાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.-અખંડ ભારત

# રણુંજમાં તિથિ ભોજન અપાયું



*પ્રદીપકુમાર દરજી - રણુજ પ્રાથમિક કન્યા અને કુમાર શાળામાં નાના બાળકો માટે તિથિ ભોજન શ્રી સ્વ .દરજી મણિલાલ બબલદાસ ગામ લણવા ની પુણ્યતિથિ નિમિત્તે બાળકોને તિથિ ભોજન આપવામાં આવ્યું હતું.-અખંડ ભારત*

# હિંમત હાઈસ્કુલમાં હેલ્થ ચેકઅપ કેમ્પ યોજાયો



જમનાબેન વણજારા - હિંમતનગરની જનતા માટે શ્રી હિંમત હાઈસ્કુલ ખાતે આયોજિત ફ્રી હેલ્થ ચેકઅપ કેમ્પ યોજાતા આ કેમ્પમાં નિષ્ણાંત ચિકિત્સકો દ્વારા દર્દીઓની નિઃશુલ્ક આરોગ્ય ચકાસણી કરી યોગ્ય સારવાર કરવામાં આવી હતી.-અખંડ ભારત

# જૂનાગઢ શિષ્યવૃતિ કૌભાંડ ,૪.૬૦ કરોડના છેતરપીંડી કિસ્સામાં ૪ આરોપીઓ ઝડપાયા

કિશન બહેચા જૂનાગઢ શહેર સી ડીવીઝન પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ શિષ્યવૃતિ કૌભાંડના કેસમાં એસ.ઓ.જી. જૂનાગઢ દ્વારા મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. શહેર સી ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનાની ટૂંક વિગત મુજબ, ૧૨ સંસ્થાઓના આચાર્યો, ટ્રસ્ટના હોદેદારો અને જવાબદાર વ્યક્તિઓએ પૂર્વ આયોજિત કાવતરું રચી પોતાના બેનર હેઠળની સંસ્થાઓમાં ખોટા દસ્તાવેજ બનાવી સાચા તરીકે રજૂ કરી વિદ્યાર્થીઓના નામે નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરી, જૂનાગઢમાંથી સરકારશ્રીની શિષ્યવૃતિની રકમ મેળવી છેતરપીંડી કરી હતી. આરોપીઓએ શિષ્યવૃતિની રકમના ચેક મેળવી કુલ રૂ. ૪,૬૦,૩૮,૫૫૦/- સરકારી નાણાંની ઉચાપત કરી અને આ રકમ વાસ્તવિક વિદ્યાર્થીઓને આપી નહોતી. આ અંગે નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, જૂનાગઢ દ્વારા તા. ૧૫/૦૭/૨૦૨૩ ના રોજ ફરીયાદ નોંધાતા ગુનો નોંધાયો હતો.ગુનાની તપાસ એસ.ઓ.જી. પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી આર.બી. ગઢવી દ્વારા હાથ ધરાઈ હતી. તપાસ દરમ્યાન ઉપરોક્ત ૧૨ સંસ્થાઓના તમામ દસ્તાવેજો કબ્જે કરી કુલ ૨૨૪૫ વિદ્યાર્થીઓના દસ્તાવેજો ચકાસવામાં આવ્યા હતા. બેંકની માહિતી મેળવી આરોપીઓના એકાઉન્ટમાં જમા થયેલી ફોડની રકમના આધારે કુલ ૫ આરોપીઓની ઓળખ કરવામાં આવી હતી.એસ.ઓ.જી.ની અલગ-અલગ ટીમો દ્વારા શોધખોળ બાદ આજે ચાર આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા છે, જ્યારે એક આરોપી ફરાર છે.




**અટક કરાયેલા આરોપીઓનાં નામઃ**

૧) રમેશભાઈ કાળુભાઈ બાકુ, ઉંમર ૩૧, વ્યવસાય-વેપાર, રહે. ગામ જેપુર, કોળી વિસ્તાર, તા. તાળાલા, જી. ગીર સોમનાથ (ક્રિષ્ના એકેડેમી સંચાલક)(૨) રમણીકભાઈ નાથાભાઈ રાઠોડ, ઉંમર ૩૬, વ્યવસાય-વકીલાત, રહે. ગામ ગળોદર, શિવમ વિદ્યાલય બાજુમાં, તા. માળીયા હાટીના, જી. જૂનાગઢ (પ્રશિક્ષણ એજ્યુકેશન સંચાલક)(૩) ભાવિન લાલજીભાઈ ડઢાણીયા, ઉંમર ૩૮, વ્યવસાય-જોબવર્ક, રહે. અમદાવાદ, વસ્ત્રાલ, બાપા સીતારામ ચોક નજીક, વૈધરાજ સોસાયટી ઈ-૬૦૨, મુળ રહે. ગામ કડાયા, રામ મંદિર શેરી, તા. માળીયા હાટીના, જી. જૂનાગઢ (સાંગાણી પેરામેડીકલ સ્કૂલ સંચાલક)(૪) જગદીશ ભીખાભાઈ પરમાર, ઉંમર ૪૩, વ્યવસાય-લાઈફ એકેડેમી સંચાલન, રહે. કેશોદ, ડીપી રોડ, ઉમાધામ, મુળ રહે. ચોરવાડ, આવાસ યોજના, બ્લોક નં. ૩ (ક્રિષ્ના ઈન્સ્ટીટયુટ સંચાલક)

**ફરાર આરોપીનું નામઃ**

અમરેલીયા ઉમરફારૂક મો. ઈબ્રાહીમ, રહે. માંગરોળ (ઈન્ડિયન ઈન્સ્ટીટયુટ પ્રિન્સીપાલ)

નાયબ પોલીસ અધિક્ષક શ્રી હિતેષ ધાંધલીયા સાહેબના માર્ગદર્શન હેઠળ સુપરવિઝન રાખી કામગીરી હાથ ધરવામાં આવી હતી. આરોપીઓને કોર્ટમાં રજુ કરાતા તા. ૨૨/૦૯ સુધીના ૬ દિવસના રિમાન્ડ મંજુર કરાયા છે.અખંડ ભારત આ કેસમાં હજુ વધુ આરોપીઓની સંડોવણી શોધવા તપાસ ચાલુ છે.-અખંડ ભારત

## સંખેડામાં બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો



*સુનિલભાઈ તડવી -સંખેડાના બી પારેખ સાર્વજનિક હાઈસ્કૂલ ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિન ની ઉજવણીના ભાગરૂપે બ્લડ ડોનેશન કેમ્પ યોજાતા સૌ સ્થાનિકો રક્તદાન કરી જન્મદિનની ઉજવણી કરી પ્રધાનમંત્રીને જન્મદિનની શુભેચ્છા પાઠવી હતી. -અખંડ ભારત*

## બાયડ અને સાઠંબામાં રકતદાન કેમ્પ યોજાયો

*ત્રિલોક પંડયા - ઓપરેશન સિંદૂર ની સફળતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિનની ઉજવણી પ્રસંગે દેશભરમાં નમો કે નામ રક્તદાન કેમ્પનું તારીખ ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત અરવલ્લી જિલ્લાના તમામ કર્મચારી મંડળ દ્વારા જિલ્લાના તમામ ગામો શહેરો ખાતે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. બાયડ તાલુકાના બાયડ અને સાઠંબા ગામે સાઠંબા ગ્રુપ વિદ્યામંદિર ખાતે પણ રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૨૫૦ યુનિટ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું.-અખંડ ભારત*



## તિલકવાડા તાલુકામાં આવેલ એકલવ્ય મોડલ સ્કૂલ હોસ્ટેલની સમસ્યાઓ અંગે આપનો હસ્તક્ષેપ

*સુનિલભાઈ તડવી - એકલવ્ય તિલકવાડા સ્કૂલ ખાતે હોસ્ટેલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને તાત્કાલિક અનેક મૂળભૂત સુવિધાઓનો અભાવ અનુભવાઈ રહ્યો છે. અને વિદ્યાર્થીઓ ચાલુ સ્કૂલે એકલવ્ય સ્કૂલેથી પદયાત્રા કરી અને પોતાની રજૂઆતો મામલતદાર કચેરી પહોંચ્યા અને ત્યાં ધરણા કર્યા આજે જ્યારે ગુજરાત સરકાર કહેતી હોય ભણશે ગુજરાત આગળ વધશે ગુજરાત બેટી બચાવો બેટી પઢાવો પઢેગા ઈન્ડિયા તભી તો આગે બઢેગા ઈન્ડિયા જેવા મોટા મોટા હેડિંગ્સ લગાવી અને પોતાની જાહેરાતો કરે છે અને સરકારમાં બેસી વાહ વાહી મેળવે છે અને કરોડો રૂપિયા સરકાર આ શિક્ષણ પાછળ એજન્સીઓ તેમજ વિવિધ યોજનાઓ દ્વારા પ્રજાના ટેક્સના રૂપિયાની ગ્રાન્ટો વાપરી રહી છે શું એ ફક્ત નેતાઓ અને એજન્સીઓના ખિસ્સા ભરવા માટે જ છે બાળકોના શિક્ષણ સાથે પણ જો આટલું ખરાબ વર્તન અને એમને સારું ભણતર નહી મળે અને તેવા બાળકોએ જ્યારે આજે પોતાના હક અને અધિકાર માટે સારા શિક્ષણ શુદ્ધ પાણી અને આરોગ્ય માટે જો એમણે પણ આંદોલનો કરવા પડતા હોય તો આ ગુજરાત અને કેન્દ્રની સરકાર માટે આ ખૂબ જ શરમજનક બાબત ગણાવી છે.-અખંડ ભારત*

## બોટાદ ગ્રામ્યના આરોગ્ય મંદિરની ઉત્કૃષ્ઠ કામગીરી




છત્રજીત ભાઈ ધાધલ -બોટાદ જિલ્લા આરોગ્ય વિભાગના અવિરત પ્રયત્નોને કારણે બોટાદના ગ્રામ્ય વિસ્તારના આયુષ્માન આરોગ્ય મંદિર-જાળીલા ૮૭ ટકા તેમજ આયુષ્માન આરોગ્ય મંદિર-નાના ઝીંઝાવદર ૮૬ ટકા મૂલ્યાંકન સાથે મોખરે રહ્યા છે.આ એસેસમેન્ટ કેન્દ્ર સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના યુનિટ એન.એચ એસ.આર.સી.ના ૨ એકસ્ટર્નલ એસેસરે કર્યુ હતું.ચેપી રોગોનું સંચાલન, માનસિક સ્વાસ્થ્ય બીમારીઓનું સંચાલન, બિનચેપી રોગોનું સંચાલન, નવજાત શિશુની આરોગ્ય સેવાઓ જેવી જુદી જુદી ૧૨ સેવાઓનું ઝીણવટભર્યું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું.-અખંડ ભારત

## બાયડ ધારાસભ્યએ દિવ્યાંગ પાસેથી ખરીદી કરી



ત્રિલોક પંડયા - અરવલ્લી જિલ્લાના બાયડ ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ દિવ્યાંગ પાસેથી માલ સામાનની ખરીદી કરી આસપાસના લોકોને વહેચી તેને મદદરૂપ થવાની ભાવાના સાથે તેને પ્રોત્સાહન પુરૂ પાડ્યું હતુ.-અખંડ ભારત

## કડાણા ખાતે રક્તદાન શિબિર યોજાઈ




પંકજ પટેલ - પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિન નિમિત્તે મહારક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવેલ હતું. આ કેમ્પ દરમિયાન સા.આ. કેન્દ્ર કડાણા ખાતે ૧૫૩ બ્લડ કલેક્ટ કરવામાં આવેલ હતા.

-અખંડ ભારત

## હોમગાર્ડ કચેરી દ્વારા રક્તદાન કેમ્પ યોજાયો



જતીન જોશી - ભારતના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદી ના જન્મ દિવસ ના પ્રસંગે આજરોજ મહીસાગર જિલ્લા હોમગાર્ડ કચેરી દ્વારા રક્તદાન કેમ્પનું આયોજન કરેલ હતું જેના મહીસાગર જિલ્લાના તમામ યુનિટોમાં ઉત્સાહભેર ભાગ લઈ હોમગાર્ડ જવાનોએ રક્તદાન કરેલ હતું જેનું સુચારું આયોજન જિલ્લા હોમગાર્ડ કમાન્ડન્ટ શ્રી જતીન જોશી એ વિશેષ મહેનત કરી કાર્યક્રમ સફળ બનાવેલ હતો -અખં ડ ભારત

## ગુજરાત રાજ્યના કર્મચારીઓ ના નામે વર્લ્ડ રેકોર્ડ

ડી. કે.પટેલ જનાલી - ઓપરેશન સિંદૂર ની સફળતા અને યશસ્વી વડાપ્રધાન એવા નરેન્દ્ર ભાઈ મોદીના જન્મદિન નિમિત્તે નમો કે નામ રક્તદાન કેમ્પનુ આયોજન સમગ્ર ગુજરાતના ૩૭૮ કેન્દ્ર પર કરવામાં આવ્યું જેમાં સમગ્ર સાબરકાંઠા જિલ્લામાં ઈડર તાલુકો પોતાના નામ પ્રમાણે "Idar is Leader ની ભૂમિકા સાથે ૬૯૫ રક્તદાન બોટલ સાથે સમગ્ર સાબરકાંઠા જિલ્લામાં પ્રથમ રહ્યો. તેમજ આજે એક નવો વિશ્વ રેકોર્ડ નોંધાયો જેમાં એક જ દિવસમાં ૫૬,૨૫૬ રક્તદાન બોટલ સાથે ગુજરાત રાજ્યના કર્મચારીઓ ના નામે વર્લ્ડ રેકોર્ડ નામાંકિત થયો. સદર સફળતામાં ઈડર થી શ્રી સી.જી.મહેતા



વિદ્યામંદિર,ઉમેદગઢ ના આચાર્ય શ્રી તથા ગુજરાત રાજ્યના આચાર્ય સંઘના પ્રમુખશ્રી ભાનુભાઈ પટેલે રાજ્યના જે સારસ્વત અને શિક્ષણ જગતના મિત્રોએ રક્તદાન કર્યું છે તેમના આ સરાહનીય કાર્ય માટે ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા છેઆપની આવનારી પેઢી જ્યારે ગુજરાત ને રક્તદાન થકી વિશ્વવિખ્યાત નામના અપાવવા માટેના વર્લ્ડ રેકોર્ડની જ્યારે વાતો કરશે ત્યારે આપણે ગર્વ સાથે કહી શકશું કે અમે પણ ન ભૂતો ન ભવિષ્યથી એવા આ વિશ્વ રેકોર્ડનો હિસ્સો હતા.. પુનઃ સદર ભગીરથ કાર્યમાં જોડાયેલા ગુજરાત રાજ્યના તમામ સારસ્વતો અને સૌ કર્મચારી મિત્રો ને ખૂબ ખૂબ અભિનંદન....અખંડ ભારત

## વડોદરામાં પ્રેસ કોન્ફરન્સ યોજાઈ

શાહ ચિરાગ - વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના જન્મદિવસની ઉજવણીના ભાગરૂપે સેવા પખવાડિયા અંતર્ગત ભારતીય જનતા યુવા મોરચા વડોદરા દ્વારા “નશા મુક્ત ભારત” ના ધ્યેય સાથે “નમો યુવા રન” નું આયોજન કરવામાં આવતા આ પ્રસંગે શહેર અધ્યક્ષ શ્રી ડૉ. જયપ્રકાશ સોની સાહેબની વિશેષ ઉપસ્થિતિમાં પ્રેસ




કોન્ફરન્સ યોજાઈ હતી. જેમાં મીડિયાના પ્રતિનિધિશ્રીઓને કાર્યક્રમની વિગતવાર માહિતી આપવામાં આવી હતી તેમજ “નમો યુવા રન” માટેના ટી-શર્ટનું અનાવરણ પણ કરવામાં આવ્યું હતું.-અખંડ ભારત

## ગાંભોઈ ખાતે વિશ્વ વાળંદ દિવસની ઉજવણી

સંજીવકુમાર શર્મા - વિશ્વ વાળંદ દિવસના અવસરે સાબરકાંઠા જિલ્લાના ગાંભોઈ ખાતે “ગાંભોઈ નાયી એસોસિયેશન” દ્વારા વિશિષ્ટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉજવણીના ભાગરૂપે તમામ હેર કટિંગ સેલૂનો બંધ રાખી સમૂહિક રીતે ભિલોડાના જૂના ભવનાથ મંદિર ખાતે સભા યોજાઈ હતી.

કાર્યક્રમ દરમિયાન એસોસિયેશનની વાર્ષિક બેઠક પણ યોજાઈ હતી જેમાં સર્વસંમતિથી નવા હોદ્દેદારોની વરણી કરવામાં આવી. તેમજ ભારતીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનો જન્મદિવસ નિમિત્તે તેમના દીર્ઘાયુષ્ય માટે પ્રાર્થના કરવામાં આવી હતી.બેઠકમાં નાયી સમાજના સર્વાંગી વિકાસ માટેના વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરાઈ હતી.-અખંડ ભારત

## કાસલા માર્ગ ઉપરના ઝાડી - ઝાંખરા દૂર કરવા માંગ




પરેશ અમલીયાર - ગરબાડા તાલુકાના નેલસુર થી કાસલા તરફ જતા માર્ગ ઉપર બિનજરૂરી ઉધી નિકળેલા ઝાંડી ઝાંખરાના કારણે વાહન ચાલકોને અકસ્માતનો ભય સતાવી રહ્યો હોઈ આ બિનજરૂરી ઝાંડી ઝાંખરા દૂર કરી માર્ગને ખુલ્લો કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.-અખંડ ભારત



























**Printed,Published&Owned,Editor by,**TETARAWAL ROOPSINGH HEMARAM **Printed at** SHIVAM OFFSET, PLOT NO - 521/2,GH-6 CORNER,Sector-22,Gandhinagar-PIN. 382 022 . and **Published at** ,I-406, Amardeep residency, NR. Pushkar bungalow, Nana chiloda, Ahmedabad/ Gandhinagar - 382330,(GUJARAT) M - 9909441697